
સંતવાણી ગ્રંથાવલિ ૨૩

# શ્રી રણછોડદાસજી મહારાજ



# શ્રી રણછોડદાસજી મહારાજ

જીવન અને કવન

**(Shri Ranchhoddasji Maharaj)**

(Jeevan Ane Kavan)

સંકલન

**દમયંતી વાલજી સેજપાલ**

**નવજીવન પ્રકાશન મંદિર**

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# ૧. સંક્ષિપ્ત જીવનઝરમર

ભારત આ પૃથ્વી પર એક એવો પવિત્ર દેશ છે કે જ્યાં અવતાર લેવાનું સ્વયં ઈશ્વર પણ પસંદ કરે છે.

જોકે ભગવાન તો રસાકાર છે, નિર્ગુણ છે; પરંતુ સંતપુરુષોમાં તે અપરોક્ષ રીતે મૂર્ત સ્વરૂપે બિરાજે છે. સંત સ્વરૂપમાં રહીને ભગવાન નવધાભક્તિના રંગે રંગાયેલા પોતાના સગુણોપાસક ભક્તોને વિવિધ પ્રકારના પરમાનંદ આપી ડગમગી ગયેલા ધર્મના પાયાને સુદઢ બનાવીને અંતર્ધાન થઈ જાય છે.

સંત-મહાત્માઓમાં પ્રગટ કે અપ્રગટપણે રહેલું અને પ્રસંગ આવે ચમકી ઊઠતું આ ઈશ્વરત્વ જગત માટે પરમ સુખદાયી બની જાય છે. સંતો પ્રત્યેક દેશમાં, પ્રત્યેક કાળમાં પ્રગટ થાય છે. તેઓ પણ ઈશ્વરની જેમ વ્યાપક હોય છે, સર્વદેશીય હોય છે.

આવા જ એક સંત શ્રી રણછોડદાસજી મહારાજ. એમનું પ્રાગટ્ય ભારત દેશના મધ્ય પ્રદેશમાં આવેલા ગ્વાલિયર રાજ્યના વરાડ જિલ્લામાં થયું. ગામનું નામ બાયફલ. મહારાષ્ટ્રીયન જાતિનું દેશસ્થ કુળ એમના જન્મથી ધન્ય અને પવિત્ર બની ગયું. તે દિવસે કાર્તિક શુક્લ ચતુર્થી હતી. એમનું બાળપણનું નામ રામરાવ. બોલવાની શરૂઆત પણ 'રામ' નામથી કરી.

પિતા બળવંતરાવ પોલીસ અધિકારી. એક દિવસ એક નિરપરાધીને એમણે ખૂબ માર્યો. બાળક રામરાવ બહુ દુઃખી થઈ ગયા. એમનાં બા વચ્ચે પડ્યાં તો એમનુંય અપમાન થયું.

આ પ્રકારની સાંસારિક ઘટનાઓએ રામરાવના મગજ પર ઘેરી ચોટ પહોંચાડીને 'જગત મિથ્યા છે' એ ભાવ દઢ બનાવ્યો, તેથી

માત્ર દશ વર્ષની સુકોમળ વયે એમણે ઘર છોડી જવાનો નિર્ણય કર્યો. ભગવાન રામ પરનો અસીમ પ્રેમ એમને અયોધ્યા ખેંચી ગયો.

એક દિવસ સરયૂ તીરે બેઠા હતા ત્યારે રામાનંદી વૈષ્ણવ સંપ્રદાયના તેજસ્વી સંત શ્રી પતિતપાવનજી આ બાલસાધુ પાસે આવ્યા. જોતાંવેંત બોલી ઊઠ્યાઃ ''રામ! તું આવી ગયો ! હું તારી જ રાહ જોતો હતો !'' રામરાવ એમની સાથે જયપુર પાસે આવેલા ગલતા તીર્થમાં જઈ વસ્યા.

સમય જતાં મહારાજશ્રીએ એમને જગતકલ્યાણાર્થે વિરક્ત દીક્ષા આપી. એ સાથે જ 'રામરાવ' નામે વિદાય લીધી, અને સંતકુલદીક્ષાના નામકરણ સંસ્કારથી તેઓ 'શ્રી રણછોડદાસજી મહારાજ' બન્યા.

શ્રી પતિતપાવનજી મહારાજની છત્રછાયા હેઠળ એમણે યોગાભ્યાસ, તત્ત્વચિંતન, ઈશ્વરારાધન કર્યું. પછી આજ્ઞા મળતાં ભારતભ્રમણ શરૂ થયું. એ પદયાત્રા દરમિયાન એમણે ભારતના મુખ્ય મુખ્ય સંપ્રદાય – પુષ્ટિમાર્ગ સ્વામીનારાયણ, જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ વગેરેનો અભ્યાસ કર્યો ને આ સંપ્રદાયના અનેક મહાત્માઓનો પરિચય પણ સાધ્યો. જ્ઞાનરસ પુષ્ટ થતાં તત્ત્વજ્ઞાનના સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરવાની જિજ્ઞાસા જાગી. પરિણામે ગુજરાતી, બંગાળી, માગધી, પાલિ વગેરે ભાષાઓ શીખ્યા અને તેમાં નિપુણતા મેળવી.

બનારસની રામાનંદ પાઠશાળામાં સ્વામી ભાસ્કરાનંદ સરસ્વતી જેવા મહાન સંત પાસે ચૌદ વર્ષ રહીને સંસ્કૃત, જ્યોતિષ, કર્મકાંડ, વેદ, પુરાણ, ષડ્દર્શન, ઉપનિષદ્, ગીતા,

રામાયણ આદિ ધર્મગ્રંથોનો પણ ઊંડો અભ્યાસ કર્યો.

શ્રી પતિતપાવનજી મહારાજના સાંનિધ્યમાં આ મહાપુરુષ કેટલાં વર્ષ સુધી રહ્યા, અન્ય કયે સ્થળે વિચરણ કર્યું, કેવી રીતે સમય પસાર કર્યો – એ વિશે કશું ચોક્કસપણે કહી ન શકાય. પરંતુ ઈ. સ. ૧૯૦૦ની આસપાસ ચિત્રકૂટથી દસેક માઈલ દૂર આવેલા 'અત્રિ અનસૂયા આશ્રમ' નામના પવિત્ર સ્થાનમાં ત્યાગી, તપસ્વી, ભજનાનંદી, સંતસેવી મહાત્મા તરીકે તેઓ જાણીતા હતા. સંતો એમને આદર અને સન્માન આપતા.

એ સંતપુરુષોમાં ચિત્રકૂટના મહંત બોધરામદાસજી પણ હતા. પોતાનો અંતકાળ નજીક જાણીને એમણે શ્રી ગુરુદેવને જાનકી કુંડ આશ્રમની વ્યવસ્થાનો ભાર ઉઠાવી લેવા વીનવ્યા.

તેઓએ કહ્યું: ''ભાઈ, હું આશ્રમની ઝંઝટમાં પડવા માગતો નથી. ઈંટ પર ઈંટ મૂકતાં મને નથી આવડતું. હું તો રોટી પર રોટી રાખવાનો હિમાયતી છું. કોઈ સંત જો સ્થાનની જવાબદારી સંભાળે તો હું બહારથી માલસામાન ભેગો કરી આપીશ. પણ હું પોતે ન તો મહંત બનવા ઇચ્છું, ન માલિક!'' અંતે મહંતાઈ એક બીજા મહાત્માને સોંપવામાં આવી.

આશ્રમની જવાબદારી શ્રી ગુરુદેવે નિષ્ઠાપૂર્વક નિભાવી. સાધુસંતો એમની સંતસેવા કરવાની પદ્ધતિનાં ગુણગાન ગાવા લાગ્યા. તેઓનું નિરભિમાનીપણું, સાદગી, ત્યાગ, ભગવદ્-અનુરાગ અને વ્યક્તિત્વની સુવાસ જેમ જેમ પ્રસરતી ગઈ તેમ તેમ અનુયાયીઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી ચાલી. જોત જોતામાં એમનો પ્રભાવ સર્વત્ર પ્રસરી રહ્યો.

ભાગ્યે જ સેવા મળે એવો પ્રભાવ અને તેના સદુપયોગનો

વિલક્ષણ સંયોગ શ્રી ગુરુદેવના જીવનમાં અમલી થયો છે. મોટા મોટા શ્રીમંતો એક જ વાર તેમના સંપર્કમાં આવી તેમના સેવક બની જતા. તેમના શિષ્યો અને અનુયાયીઓમાં ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ હશે જેણે ચારછ વર્ષ સુધી ધીરજથી એમનાં ગુણ, તપ, આચરણ, શક્તિ અને સિદ્ધિને પારખ્યાં હોય, માન્ય રાખ્યાં હોય અને પછી શિષ્ય બનવા ઈચ્છ્યું હોય! પહેલેથી પરિચિત કોઈ ભક્તની સાથે સાવ અપરિચિત વ્યક્તિ આ મહાત્માનાં દર્શને આવી હોય અને તરત જ પ્રભાવિત થઈ જઈને તેમની શિષ્ય બનવા માગે એવું ઘણી વાર બન્યું છે. બીજાં અનેક કારણો હોવા છતાં આ વિચિત્ર ચરિત્રને શ્રી ગુરુદેવના અદ્‌ભુત પ્રભાવરૂપે જ માનવું જોઈએ.

પ્રભાવ તરફ ઊંડું ધ્યાન આપીએ તથા તેનાં કારણોની તપાસ કરીએ તો કંઈક ને કંઈક જરૂર સમજાય. પ્રભાવ વાણીનો પણ હોય છે અને ચહેરાનો પણ હોય છે. આ ઉપરાંત ભજન, હોદ્દો, વિદ્યા, શસ્ત્ર અને બળનો પ્રભાવ પણ પ્રત્યક્ષ જોવા મળે છે. આ બધા પ્રભાવો ઉપરાંત એક જન્મજાત પ્રભાવ પણ છે. તે કેવી રીતે. તેનું જ્ઞાન થવું અતિ દુર્લભ છે. ‘જન્મજાત પ્રભાવનું પ્રત્યક્ષીકરણ’ શ્રી ગુરુદેવની જીવનલીલા દરમિયાન ડગલે ને પગલે થતું રહ્યું.

પ્રભાવથી જ અસામાન્ય વ્યક્તિ સમાન્યોથી જુદી પડે છે. શ્રી ગુરુદેવના પ્રભાવનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કઈ કઈ રીતે થયો છે તે હવે જોઈએ. આને ત્રણ પ્રકારમાં વહેંચી શકાય:

૧. અઢળક ધનવૈભવશાળી શ્રીમંત પુરુષોમાં શ્રદ્ધા અને ઉત્સુકતા જગાડી ‘बहुजनहिताय बहुजनसुखाय’ તેમની વિપુલ

ધનસંપત્તિનો અવારનવાર સુંદર સદુપયોગ કરાવાયો. સામાન્ય રીતે આવા તવંગરો ગરજવાન, દીનદુ:ખીઓને પોતાને બારણે આવેલા જોઈને પણ તેમને મદદરૂપ બનવા જેટલા ઉદાર કે નમ્ર નથી થઈ શકતા. શ્રી ગુરુદેવના પ્રભાવે તેઓને નમ્ર બનાવીને એમની દોલતનો સદુપયોગ કરાવ્યો.

૨. બીજા પ્રકારનો પ્રભાવ અદ્ભુત છે. આની અસર નીચે આવેલા અનેક જુગારીઓએ જુગાર અને કામીઓએ વ્યભિચાર છોડી દીધા. માંસ અને દારૂ-સિગારેટના વ્યસનીઓ તેમનાં વ્યસનોમાંથી મુક્ત થઈ ગયા. આ બધા એ મહાપુરુષના પ્રભાવના પ્રત્યક્ષ પુરાવા છે.

૩. ત્રીજો પ્રકાર સૂક્ષ્મ છે. ભજન અને સદાચાર સાથે એને સીધો સંબંધ છે. આ સૂક્ષ્મ પ્રભાવે અનેક પુણ્યાત્માઓને રામનામનો સતત જાપ કરતા કરી દીધા. તેઓમાં સત્યપ્રિયતા આવી. એમના વિચાર અને વાણીમાં સામ્ય આવ્યું. અભિમાન, ક્રોધ, ઈર્ષ્યા, અજ્ઞાન, આત્મવંચના, કુટિલતા, હિંસા વગેરે દુર્ગુણોથી એ સહુ સાવધાન બન્યા.

તેમના આશ્રમ અને સંપ્રદાયની વાત કરીએ તો હાલની પ્રજાએ પોતાની આંખે જે કંઈ જોયું છે તે પૂરતું છે. એમને લીધે વૈષ્ણવ સંપ્રદાયમાં સાધુવેશનાં સન્માન અને સુયશ કેટકેટલાં થયાં એ સહુ જાણે છે.

ઉપાસના પદ્ધતિનું સ્વરૂપ અને તેનું બાહ્ય અંગ આ બંને બાબતોમાં તેમની પ્રક્રિયા પરંપરાગત વૈષ્ણવ સંપ્રદાયને અનુકૂળ હતી. તેમની ઉપાસનાનાં મુખ્ય અંગ હતાં – ભગવાન શ્રીરામ ઉપાસ્યદેવ, શ્રી સદ્ગુરુ પરમ આધાર અને શાસક,

શ્રી રામાયણજી આધ્યાત્મિક ગ્રંથ, શ્રી રામનામ સાધન અને આજ્ઞાપાલન એ શિષ્યની યોગ્યતાનું પ્રમાણ. તેઓ પોતાના ભક્ત કે શિષ્યમાં હરિ-ગુરુ પ્રત્યે હિમાલયથી વધુ અટલ અને સમુદ્રથી વધુ અગાધ દૃઢતા જોવા ઈચ્છતા.

શ્રી ગુરુદેવ સર્વત્ર ભગવાનનો સાક્ષાત્કાર કરતા. એમણે આદર્શ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામચંદ્રજીની પાવન ભક્તિનો વિસ્તાર તથા 'શ્રીરામચરિતમાનસ'નો વિશેષ પ્રચાર-પ્રસાર કર્યો. એમનો ઈશ્વર ફક્ત મંદિરોમાં જ નહોતો; પ્રાણીમાત્રમાં રામદર્શન કરતા. શ્રી ગુરુદેવ પોતાના ભકતોને કહેતા: ''ભૂખ્યાને અન્ન આપો, તરસ્યાને પાણી પાઓ, નગ્ન વ્યક્તિને અંગ ઢાંકવા વસ્ત્ર આપો. અને બીમાર માણસની તન, મન, ધનથી સેવા કરો. આ લોકોમાં રહેલો રામ તમારી માનવતાની કસોટી કરી રહ્યો છે. એમને ઉવેખશો તો મંદિરમાં બેઠેલો રામ તમારા તરફ પીઠ કરી બેસશે.''

આધ્યાત્મિક રીતે સાધકને સહાયતા કરવાની શ્રી ગુરુદેવની પદ્ધતિ અનોખી હતી. ઘણા ધર્મગુરુઓ પોતાની પદ્ધતિ વિશે આગ્રહી હોય છે. પણ તેઓ આવા કોઈ આગ્રહથી પર હતા. તેઓ કહેતા : ''જેણે એ ચેતન તત્ત્વને જે રીતે જોયું-જાણ્યું હોય તે પોતાની રીત પ્રમાણે સમજાવે છે. પરંતુ મારો કોઈ સિદ્ધાંત નથી. સાધક જે સાધના કરતો હોય એમાં – જો થઈ શકે તો સંશોધન કરી દઈ એવા પ્રયત્નની પૂર્તિ અને એવા સિદ્ધાંતની પુષ્ટિ કરી આપવી એ મારો સિદ્ધાંત છે.'' એમની આ વિશાળ દૃષ્ટિને કારણે જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ કે રાજયોગમાં રસ ધરાવનાર કોઈ પણ સાધક કદીયે એમની પાસેથી નિરાશા લઈને ન જતો. સાધનામાં જે રીતે સાધકની શ્રદ્ધા મજબૂત બને

એ રીત અપનાવવી એ તેમની પદ્ધતિ હતી.

શ્રી ગુરુદેવે માનવકલ્યાણ સિવાય બીજા કોઈ કામનો ઉપદેશ આપ્યો નથી. એમણે ખૂબ સેવાકાર્યો કર્યાં; બોલ્યા ખૂબ ઓછું. તેથી એમના વિશે બોલવાનું કે લખવાનું આવે તો એમણે શું કહ્યું, એમ કહેવાને બદલે 'એમણે શું શું કર્યું'થી શરૂઆત કરવી પડે.

ખરું જોતાં મહાપુરુષો કોઈ દેશ, પ્રાંત કે સરહદથી બંધાયેલા નથી હોતા. છતાં લોકલીલા માટે તેઓ ક્ષેત્ર, પ્રાંત, સરહદ આ બધાંને સ્વીકારે છે. આ નિયમ મુજબ મુખ્યત્વે મધ્ય ભારત અને ગુજરાત શ્રી ગુરુદેવનાં કાર્યક્ષેત્ર રહ્યાં હતાં.

'શ્રી તારા નેત્રદાન યજ્ઞ'નો આગવો ઈતિહાસ છે. ભ્રમણ દરમિયાન એક વાર એમણે લાકડીને સહારે ચાલતા ઠેબાં ખાતા સુરદાસજીને દીવાલ સાથે અથડાઈ પડતા જોયા. સુરદાસજીને માથામાં ખૂબ વાગ્યું. અંધાપાની આવી લાચારી, પરવશતા અને દુઃખે એમના હૃદયમાં અનુકંપાની સરવાણી વહેતી કરી તેથી અંધજનોને એમની દૃષ્ટિ પાછી મળે અને તેઓ સ્વમાનભેર જીવી શકે એ હેતુને નજર સમક્ષ રાખીને ઈ. સ. ૧૯૫૦માં એમની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ચિત્રકૂટમાં નેત્રયજ્ઞના શ્રીગણેશ મંડાયા જે આજ પર્યંત ચાલુ છે.

પરમાર્થકાર્યોનો પ્રચાર-પ્રસાર ધીરે ધીરે વધવા માંડ્યો. શિષ્યજનોના ભગવદ્‌ભજન, શારીરિક શ્રમ અને સંપત્તિના સદુપયોગની ત્રિવેણી કુદરતી આફતોથી ગ્રસ્ત એવા અનેક વિસ્તારો તરફ વહેવા માંડી. ઓરિસા, બિહાર અને રાજસ્થાનનો દુષ્કાળ, ભરતપુરની જળરેલ, દક્ષિણ ગુજરાતનો

ખંડપ્રલય, કોયનાનો ધરતીકંપ એનાં સાક્ષી છે.

દેશના કોઈ પણ ભાગમાં દુષ્કાળ પડ્યે શ્રી ગુરુદેવ હાથમાં કમંડળ લઈને પહોંચ્યા જ હોય. નવી ફસલ ન આવે ત્યાં સુધી રસોડે આવનાર પ્રત્યેકને પ્રેમપૂર્વક જમાડે, પછી ભલે ને એમની સંખ્યા હજારોનો આંક વટાવી જાય.

ભરતપુર અને દક્ષિણ ગુજરાતના ખંડપ્રલય સમયે જરૂરતવાળા લોકોને કપડાં, વાસણ, કાચું અનાજ, ઘરવપરાશની ચીજો વગેરે પૂરાં પાડવામાં પણ એમણે પાછી પાની ન કરી.

કોયનામાં ધરતીકંપે હાહાકાર ફેલાવ્યો ત્યારેય આ મહાપુરુષે બેઘર બનેલા લોકો માટે નવી વસાહત બાંધી આપવાની ભક્તોને પ્રેરણા આપી. સૂસવતી હવા અને ચાલુ રહેલા ધરતીકંપના હળવા આંચકા વચ્ચે રહીને જાનની પણ પરવા કર્યા વિના એ સહુ નિષ્ઠાવાન શિષ્યોએ પાંચસો જેટલાં નવાં ઘર બનાવી આપ્યાં.

પરમાર્થકાર્યો અને સેવા શિષ્યોને અહંકારી ન બનાવી મૂકે એ માટે તેઓ હંમેશાં સાવધાન કરતા ને કહેતા: ''આ દુ:ખી, અસહાય અને જરૂરિયાતવાળા લોકો આપણા પર ઉપકાર કરીને પોતાની સેવા કરવાનો આપણને મોકો આપે છે. આપણે એટલે જ કાર્ય કરી શકીએ છીએ. એ લોકો જમવા ન આવે, નેત્રયજ્ઞમાં ઑપરેશન કરાવવા ન આવે અથવા આપણું કશુંય ગ્રહણ ન કરે તો આપણે કેવી રીતે કોની સેવા કરવાના હતા ? એટલે આપણે ઊલટો તેઓનો આભાર માનવો જોઈએ. હકીકતમાં હું પોતે આને કોઈ સારું કામ નથી સમજતો. ભગવાનને તમે પ્રાર્થના કરો કે દેશમાં પ્રકૃતિજનિત કોઈ આપત્તિ આવે જ નહીં જેથી આપણે બીજાં સત્કાર્યો કરી શકીએ.''

આવી જ બીજી સાવધાની પરમાર્થ નિમિત્તે આવતા ધન બાબત રાખવાનું કહેતા. એમના શબ્દો હતા: ''જુઓ, આ ધર્માદાનો પૈસો છે. ખાવામાં સારો લાગશે પણ પચવો મુશ્કેલ બની જશે; અજીર્ણ થયું હોય એને શીરો મીઠો તો બહુ લાગે પણ સ્વાસ્થ્યને જેમ એ બગાડે છે તેમ આ હળાહળ ઝેર છે. વિવેકપૂર્વક વાપરશો તો અમૃત બની જશે. નહીં તો પ્રાણ હરી લેશે. પરમાર્થ કોલસાની દલાલી છે. સહેજ પણ ચૂક્યા તો મોઢું કાળું થતાં વાર નહીં લાગે.''

રાહતકાર્યોમાં અથવા નેત્રયજ્ઞોમાં શ્રી ગુરુદેવે ક્યારેય જાતિભેદને સ્થાન નથી આપ્યું. કેમ્પમાં એક વાર મુસલમાનોનાં ઑપરેશન થતાં જોઈને કટ્ટર હિંદુવાદમાં માનતા એક મુલાકાતીએ એમને પૂછ્યું: ''આપ મુસલમાનોને શા માટે કેમ્પમાં રાખો છો ? હરિજનોને શા માટે પ્રવેશ આપો છો?'' જવાબમાં મધુર હસીને એમણે એટલું જ કહ્યું: ''કેમ્પમાં હું નથી બ્રાહ્મણ કે નથી સાધુ, નથી હિંદુ કે નથી બીજી કોઈ જ્ઞાતિનો. અત્યારે તો હું ફક્ત એક માનવ છું. હા, મારા અંગત જીવનમાં હું ચુસ્ત હિંદુ સાધુ છું.''

''જાતિભેદ તો શરીર સાથે સંબંધ ધરાવે છે, જ્યારે માનવતા અને પ્રેમને કોઈ આકાર નથી હોતો. પછી શરીર સાથે જોડાયેલા જાતિભેદને સર્વોપરી માનીને માનવતા અને પ્રેમનું ગળું રૂંધી નાખવું એ ક્યાંનો ન્યાય છે?'' પૂછનાર ચૂપ થઈ ગયા.

ભારતના સાધુસંતો માટે પણ તેઓ ઘણી વાર વ્યથિત થઈ ઊઠતા. એમના વિચારો ક્રાંતિકારી હતા. તેઓ કહેતા કે, ''આ દેશ અધ્યાત્મવાદનો દાવો કરે છે પરંતુ બધા એને ખાડે લઈ જઈ

રહ્યા છે. આજે સાધુસમાજમાં જે વિકૃતિ આવી છે એણે ધર્મને પાંગળો કરી મૂક્યો છે! જનકલ્યાણી પુરુષમાં અહિંસા, દયાળુતા અને ત્યાગભાવના હોવાં જોઈએ. એના સ્થાને સ્વાર્થપૂર્તિ, સખ્તાઈ અને ધર્મનો દંભ જોવા મળે છે.

''પગ આગળ મૂકો કે અગ્નિ તૈયાર છે છતાં વેદ-વેદાન્તની કોરી-સુફિયાણી વાતોમાંથી કોઈને ફુરસદ જ નથી જાણે! ચોવીસ કલાક કોઈ ભજન નથી કરી શકતું. તો પછી ફુરસદના સમયમાં જનકલ્યાણની ભાવનાને શા માટે સ્થાન નહીં ? ધર્મની રક્ષા કરવાની જવાબદારી ઉપદેશકો અને સાધુસમાજ ઉપર છે. પ્રત્યેક માણસને કુટુંબીજન ન માનવામાં આવે ત્યાં સુધી આપણી જનકલ્યાણની ભાવના અધૂરી છે.

''આજે વધુ ને વધુ લોકો ઈસાઈ બની રહ્યા છે. એની પાછળ આપણાં સંકુચિત વિચાર અને સ્વાર્થી મનોવૃત્તિ કારણભૂત છે. આદિવાસી ક્ષેત્રમાં જવું કોઈને પસંદ નથી. ત્યાંની પ્રજા અજ્ઞાન છે, ઉપેક્ષિત છે. તેથી પછાત-નીચલી જાતિ અને જંગલી પ્રદેશને જ ઈસાઈઓ પ્રાધાન્ય આપે છે. અને રોટી, કપડાં, જલ, શિક્ષણ, આવાસ અને હૉસ્પિટલની સુવિધા આપીને આસાનીથી એ લોકોને ધર્મપરિવર્તન કરાવે છે.

''ઈસાઈ ધર્મ અપનાવી, ભણીગણી 'સાહેબ' થઈને કોઈ હરિજન અથવા આદિવાસી તમારી પાસે આવે છે ત્યારે તમે શું કરો છો ? એને માન સહિત ખુરશી પર બેસાડો છો ! ને ઉપરથી ચા પણ પિવડાવો છો !

''આ ક્રિયા હિંદુ ધર્મને દોષિત સાબિત કરે છે અને ભારતીય સંસ્કૃતિની માનવસેવા અને રાહતકાર્યો પ્રતિ રહેલી નિષ્ક્રિયતાને

ખુલ્લી કરે છે. જો સંસ્કૃતિ જ નષ્ટ થઈ જશે તો તમારો ઉપદેશ સાંભળશે કોણ ? ધર્મને સક્રિય નહીં બનાવો તો વેદ-વેદાન્તનાં પુસ્તકો કબાટમાં જ પડ્યાં રહેશે.''

સંસ્કૃતિ-રક્ષાની ચર્ચા વખતે થતા એવા જ દુઃખી તેઓ ગોવધ-આંદોલનની વાત નીકળે ત્યારે થઈ જતા. તેઓ ઘણી વાર કહેતા: ''પહેલાં મને એ કહો કે તમે ગાયને 'માતા' માનો છો કે નહીં ? જો 'હા' તો પછી શું તમે લોકો તમારી માને ક્યારેય વેચો છો !

''જો ખરેખર તમારે ગોવધને બંધ કરાવવો હોય તો પ્રત્યેક દેશવાસી પોતાના ઘરમાં એક એક ગાય રાખો. જો તમે ગાયને ન પાળી શકો તો તમારા પાડોશીની ગાય માટે રોજ થોડા પૈસા આપો ને એ રીતે મદદરૂપ બનો. જે ધર્માલય, ધર્મસંસ્થા અથવા આશ્રમમાં ગાય ન હોય ત્યાં ગાયને રાખવાનો અને એનું પાલન કરવાનો પ્રબંધ થવો જોઈએ. એક ગૃહસ્થ જે રીતે પોતાના પરિવાર માટે કમાય એ રીતે પ્રત્યેક મનુષ્યે ગાય માટે કમાવું જોઈએ. નિજી ખર્ચમાં કરકસર કરીને ગૌસેવામાં ખર્ચો કરવો જોઈએ. સરકાર સામે લડવાની શી જરૂર છે ? એ રીતે તો ક્યારેય ગોવધ બંધ નહીં થાય.''

ભારત દેશ માટેનો એમનો પ્રેમ અને દેશદાઝ અનુપમ હતાં. શ્રી ગુરુદેવને આદર્શોન્મુખ, રાષ્ટ્રીય સંત નિઃશંકપણે કહી શકાય. ભારતીય સંસ્કૃતિ, અસ્મિતા, ગૌરવ અને એની જીવન-પ્રણાલી સચવાઈ રહે એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા. એ માટે ચિંતિત રહેતા અને પ્રસંગોપાત્ત એને વ્યક્ત પણ કરતા.

રાજકારણમાં ચાલતા કાવાદાવા અને એમાં રહેલી ક્ષતિઓથી

શ્રી ગુરુદેવ સખત નારાજ હતા. રાજકારણી પુરુષો એમનાં દર્શન કરવા આવતા ત્યારે એ નારાજી શબ્દો દ્વારા પ્રગટ થઈ જતી. તેઓ કહેતા: ''આજકાલ ચુનાવ ક્યાં થાય છે! ભરાવ થાય છે ભરાવ! અને એને પરિણામે જ ભારતની આજે દુર્દશા થઈ રહી છે. શું યોગ્ય વ્યક્તિઓનો જ ચુનાવ થાય છે? ખુરશીનું પ્રલોભન જતું કરીને, રાષ્ટ્રની સાચી સેવા કરી શકે એવી યોગ્ય વ્યક્તિઓના હાથમાં દેશનું શાસન સોંપવું જોઈએ.

''કાયદો, શિસ્ત, અને વ્યવસ્થા માટે દેશને પૈસા વગર ન ચાલે એ હકીકત છે. પરંતુ એને એકઠો કરવાની પદ્ધતિ તદ્દન ખોટી છે. જુઓ ઈશ્વરની પ્રણાલીને. સૂર્ય કણ કણમાંથી, પ્રત્યેક બુંદમાંથી, અરે માનવશરીરમાંથી પણ પાણી ખેંચતો રહે છે. છતાં કોઈને એનો ખ્યાલ નથી આવતો. પરંતુ એનું વરસાદમાં રૂપાંતર થયા પછી જે અમીધારા વરસે છે એ પ્રત્યેકને દેખાય છે. દરેક એનો લાભ ઉઠાવે છે. અને ઈશ્વરનો આભાર માને છે.

''રાષ્ટ્ર એક બગીચો છે. સાવધાન માળી જે વૃક્ષ આડુંઅવળું ફૂલેફાલે એને કાપે છે ને જે વૃક્ષનો વિકાસ ન થતો હોય એને કલમનો ટેકો, ખાતર, પાણી વગેરે આપીને ઉપર ઉઠાવે છે.''

તેઓ હંમેશાં કહેતા:

''દેશને આત્મનિર્ભરતાની જરૂર છે; આત્મવિશ્વાસની નહીં.

દેશને દર્શન જોઈએ છે; પ્રદર્શન નહીં.

દેશને કામની અપેક્ષા છે; સ્કીમની નહીં.

દેશને કર્મઠ કાર્યકર જોઈએ છે; વાચાળ પ્રધાન નહીં.

દેશને ઉત્સાહની જરૂર છે; વિડંબનાની નહીં.

દેશને ઠોસ જોઈએ; પોલ નહીં.''

બાળકોને ઘરમાં ધાર્મિક વાતાવરણ અને સ્કૂલમાં ધાર્મિક સંસ્કાર મળે એ વાત પર તેઓ ખાસ ભાર મૂકતા ને કહેતા: ''ધર્મ એટલે આપણને અધોગતિ તરફ જતાં રોકનારી ક્રિયા. ધર્મ પ્રકાશનવાન છે. એ આપણને ઉન્નતિ તરફ લઈ જાય છે. રૂઢિ અથવા સિદ્ધાંત ધર્મ નથી. ધર્મમાં રૂઢિની જે વિકૃતિ આવી છે એમાં સંશોધન થવું જરૂરી છે. સાર્વભૌમ ધર્મનો કોઈ ઈન્કાર નહીં કરી શકે. કયો ધર્મ હિંસા, ચોરી, વ્યભિચાર, અસત્ય, અનીતિ કે વિશ્વાસઘાતનો વિરોધ નથી કરતો ? હિંદુ હો કે મુસલમાન, ઈસાઈ હો કે પારસી – પ્રત્યેક માટે આ દુર્ગુણોને વશ ન થવાનું એમના ધર્મમાં ફરમાન છે.

''જ્યાં સુધી વિચારધારામાં આમૂલ ક્રાંતિ નહીં આવે ત્યાં સુધી દેશનું ઉત્થાન અશક્ય છે. શાસન અંત:કરણ પર અધિકાર નથી જમાવી શકતું. હૃદય પર તો માત્ર પ્રેમ અને ધર્મનું શાસન જ ચાલે છે.

''જ્યાં સુધી માનવમાં એ સંસ્કાર ન જાગે કે અમુક વસ્તુ કરવી પાપ છે, ને હૃદય એમાં સંમત ન થાય ત્યાં સુધી કશું સંભવિત નથી. લોકો સાચા પાપભીરુ નહીં બને ત્યાં સુધી અનીતિ નહીં અટકે.

''ખરાબ વિચારોના ખરાબ પરમાણુ બને છે અને એની પ્રકૃતિ પર અસર પડે છે. તેનાં પરિણામે દેશ અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ જેવા પ્રકૃતિપ્રકોપનો ભોગ બને છે.

''હિન્દુસ્તાન ગરીબ દેશ નથી. દેશમાં પૈસાનો નહીં, હૃદયનો અભાવ છે: આપણી સંગ્રહવૃત્તિ ક્યારે છૂટશે ? સ્વાર્થ છોડો અને કર્તવ્યપરાયણ બનો.''

ઈ. સ. ૧૯૫૪માં શ્રી ગુરુદેવ જામનગર ગયા હતા. ત્યાં ૭૨૦ દિવસ સુધી કરેલા 'કાષ્ઠમૌન તપ'ની વાત અનોખી જ છે. ચંચળચિત્તના તમામ વિકારોને શમાવી કાષ્ઠવત્ એટલે કે જડવત્ થઈ જવું એનું નામ 'કાષ્ઠમૌન. મન પર પૂરેપૂરો કાબૂ હોય, જીભ પોતાના વશમાં હોય, અણુ અણુમાં વિશ્વના સર્જકને નિહાળતા હોય અને મોહ, માયા, મમતા, રાગ, દ્વેષથી જે પર હોય એવા મહાપુરુષ જ આવું કાષ્ઠમૌન તપનું વ્રત પાળી એકાંત સેવી શકે. સમગ્ર વિશ્વના કલ્યાણ માટે આવું કઠોરતપ એમણે કર્યું.

એમની ઉંમર સંબંધેનું રહસ્ય આજ સુધી અણઉકેલ રહ્યું છે. દેખાવમાં એ ૮૦-૯૦ વર્ષ જેટલા લાગતા. જિજ્ઞાસુઓ આ અંગે તર્ક કરતા. કોઈક હિંમત કરીને એમને પૂછી પણ બેસતા. ત્યારે આટલું જ કહેતા:

''ઉંમર અને જન્મ વિશેની સાચી હકીકત મેળવવાથી તમને શો લાભ થવાનો છે ? હું જેવો છું તેવો તમે મને જોઈ રહ્યા છો. એને આધારે તમારા જન્મ-જીવનને સફળ કરો.

''માનો કે કદાચ હું કોઈને એમ કહું કે મેં બાદશાહ અકબરને, નૂરજહાંને કે તુલસી-કબીરને આ શરીરથી જોયાં છે. કલાઈવ, બાજીરાવ, નાના ફડનવીસ અને લક્ષ્મીબાઈને જોયાં છે અથવા તો પાંચસો વર્ષ પહેલાં આ શરીર પેદા થયું હતું તો આ વાત પર કોને વિશ્વાસ બેસશે? એટલે ભૂતકાળની વાતો જાણવા માટે ઉત્સુક ન થતાં વર્તમાનમાંથી જ યથાશક્તિ યથાબુદ્ધિ ગ્રહણ કરો.

''સાચી વાત તો એ છે કે મૃત્યુ પહેલાં જ જે મરી જાય છે એની વળી ઉંમર શી ? ઉંમરને નહીં કાર્યને જુઓ. જીવનમાં આદર્શ કેટલો છે એ જુઓ.''

એમની ઉંમર જેવું જ એમણે કરેલા અલૌકિક અને બુદ્ધિમાં ન ઊતરે એવા ચમત્કારોનું છે. બિલકુલ અસંભવ અને અશક્ય લાગતું કામ એમના અમોઘ આશીર્વાદથી સંભવ અને શક્ય બની જતું. આ અંગે જિજ્ઞાસુઓ વધુ જાણવા ઈચ્છે ત્યારે સરળ નિરભિમાની વાણીમાં કહેતા:

''સાચું તો એ છે કે કોઈ પણ સાધુની સાધુતા એ જ એનો મુખ્ય ચમત્કાર છે. એનો સ્વભાવ, એનો સંકલ્પ, એની સત્યપ્રિયતા અને આદર્શ જીવન ચમત્કાર સર્જી શકવા સમર્થ હોય છે. ઈશ્વર પરનો અચળ વિશ્વાસ એની મહાન શક્તિ છે.ભગવાનમાં એની જે અતૂટ નિષ્ઠા છે એ એનું ધન છે. સાચા સાધુ સિદ્ધિઓની સદૈવ ઉપેક્ષા કરે છે. એ હંમેશાં આપે જ છે. કોઈનું કશું લેતા નથી. મારી પાસે શું છે ? હું તો સાવ સામાન્ય માનવી છું. જે કંઈ શક્તિસામર્થ્ય સિદ્ધિ-વિભૂતિ છે એ બધો શ્રીરામનામનો પ્રભાવ છે. અને એટલે જ જ્યારે તમે મારી પૂજા કરો છો ત્યારે હું માનું છું કે તમે મારી નહીં પરંતુ આ રામનામની, એનાં તેજ, બળ, પ્રભાવ અને પ્રતાપની પૂજા કરો છો.''

નેત્રયજ્ઞો અને પરમાર્થકાર્યોએ શ્રી ગુરુદેવનાં વિવિધ સ્વરૂપો એક પછી એક ખુલ્લાં મૂકી દીધાં, એમને અપાર કષ્ટ વેઠી રાતદિવસ કર્મ કરતા ને છતાં એના અહંકાર કે ફળની ઈચ્છામાં ન લેપાતા 'કર્મ એ જ ધર્મ'ના સિદ્ધાંતને આચરી બતાવતા નિષ્કામ કર્મયોગી કહેવા ? એકમાત્ર ભગવદાધાર પર આવાં વિકટ કાર્યો પાર પાડવાની અચલ શ્રદ્ધા ધરાવી પ્રેમપૂર્વક દર્દીઓનું જતન કરતા ને જીવનમાત્રમાં વસી રહેલા પરમાત્માની સેવા કરતા અનન્યાશ્રિત ભક્ત કહેવા ? કે પછી સર્વત્ર એક અખંડ

પરમતત્ત્વનો અભેદાનુભવ કરીને એ અર્થે પોતાનાં જ્ઞાનબુદ્ધિનો ઉપયોગ કરતા સર્વોત્કૃષ્ટ જ્ઞાની કહેવા ?

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ઉપદેશાયેલાં કર્મ, ભક્તિ અને જ્ઞાનના સુભગ સંગમ ને સમન્વય સમ શ્રી ગુરુદેવનાં જીવનચરિત્રને પરમાર્થકાર્યોએ માનવવાદી સાબિત કરી આપ્યા. ત્રણેય યોગોના શિરમોર સમો હતો એમનો શરણાગતિ યોગ. લોકકલ્યાણ નિમિત્તે એ વિવિધ માર્ગોનું સ્વયં આચરણ કરી બતાવીને જનસમુદાયને ઉપદેશ આપવાનો હેતુ એમાંથી પ્રગટ થયો.

ઈ. સ. ૧૯૬૮ના માર્ચ મહિનાની ત્રીસમી તારીખે 'ધાર નેત્રપદી'માં શ્રી ગુરુદેવે 'શ્રી સદ્‌ગુરુ સેવા સંઘ ટ્રસ્ટ'ની સ્થાપના કરી. આજે પણ આ સંસ્થાના નેજા હેઠળ પરમાર્થકાર્યો અને રાહતકાર્યો થતાં રહે છે.

૧૯૬૯ના છેવટના મહિનાઓમાં એમનું સ્વાસ્થ્ય ખૂબ લથડ્યું હતું. અસ્થમા, લો બ્લડપ્રેશર, કમજોરી અને લકવાએ એમને ઘેરી લીધા. એમની શારીરિક બીમારી અંગે ડૉક્ટરો કે ભક્તો ચિંતા કરતા, ત્યારે પણ તેઓ એમ જ કહેતા કે દેશની દુર્દશાનો વિચાર મારી મોટામાં મોટી બીમારી છે. મારો કે તમારો નાશ થાય એની મને ચિંતા નથી. પરંતુ ભારતીય સંસ્કૃતિ નષ્ટ ન થઈ જાય એ માટે જ હું ચિંતિત છું.

ઈ. સ. ૧૯૭૦ના એપ્રિલ મહિનાની ૧૯મી તારીખે બીમારીને નિમિત્ત બનાવીને મુંબઈમાં આવેલા સૂર્ય એપાર્ટમેન્ટમાં 'હું જાઉં છું રામ' આટલું કહીને એમણે હંમેશ માટે આંખો મીંચી દીધી.

'રામ' નામથી બોલવાની શરૂઆત કરનાર શ્રી ગુરુદેવે શરીર છોડતી વેળાએ પણ એ રામને જ યાદ કર્યા. વચ્ચેના સમયમાં જે જિંદગી એ જીવ્યા તેય શ્રીરામના અનન્ય ઉપાસક તરીકે જ એમણે જીવી.

પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા સંવેદનશીલ, પ્રેમાળ અને વિશાળ હૃદયી શ્રી ગુરુદેવને પીડિત અને શોષિત માનવતા નિ:શંક, કદીયે વીસરી શકે ?

હાટ હાટ હીરા નહીં કંચનકા ન પહાર;
સિંહનકા ટોલા નહીં, સંત વિરલ સંસાર.

આવા એ સંતપુરુષનાં શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ. સાધનમાર્ગમાં આગળ વધવા ઈચ્છતા પ્રત્યેક માટે એમનો સદુપદેશ જીવનપાથેય બની રહે એવી અભ્યર્થના.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभाग् भवेत् ॥

# ૨. વેરાયેલાં પુષ્પો

**વસુધૈવ કુટુંબકમ્**

તમે જો એમ માનતા હો કે આ જગત, આ વિશ્વ, આ વસુંધરા અમારું જ કુટુંબ છે, તો પછી ભૂખ્યાંની સેવા માટે કેમ નથી જતાં ? પછી 'વસુધૈવ કુટુંબકમ્'ની વાતો શા કામની ?

તમારા સગા ભાઈ કે બહેન રોગથી પીડાય તો તુરત ડોક્ટર પાસે દોડો છો ને ? તો પછી અન્ય દુ:ખી જનો માટે કેમ નહીં ?

હે પ્રભુ ! મને સારી ગતિની ઈચ્છા નથી, મોક્ષ મારે સાધવો

નથી, અણિમાદિક સિદ્ધિઓની ચાહના પણ નથી ને સ્વર્ગમાં પણ વિશ્વાસ નથી. મારા હૃદયમાં તો એક જ અભિલાષા છે કે પ્રાણીમાત્રના માનસમાં સુખનો આભાસ કરાવી શકું, સૌ કોઈનાં કષ્ટ હું ભોગવી લઉં ને સૌનાં દુ:ખોનો નાશ થઈ જાય.

**આસ્તિકતા**

તમે ઈશ્વરને માનો છો ? ઈશ્વર ક્યાં છે ? તમે કહેશો કે ઈશ્વર સર્વમાં છે, સર્વત્ર છે. જો એમ હોય તો તમે ઈશ્વરની સામે પાપ શા માટે કરો છો ? એની સામે જ પાપ કરવું, એ ઈશ્વરનું અપમાન નથી ?

તમે આસ્તિક છો કે નાસ્તિક ? નાસ્તિક કહેતો હોય છે કે ઈશ્વર નથી અને પાપ કરતો હોય છે. જ્યારે તમે કહો છો કે ઈશ્વર છે અને ઈશ્વરની સાક્ષીમાં પાપ કરો છો, વિશ્વાસઘાત કરો છો. પછી અંત:કરણની શુદ્ધિ શી રીતે થશે ? કદી નહીં થાય ! આપણે જો ઈશ્વરને સર્વત્ર માનતા હોઈએ તો આપણા મનમાં પાપનો વિચાર જ આવવો ન જોઈએ.

**વ્યવહારશુદ્ધિ**

તમારું જીવન દિવ્ય બનાવવું હશે તો સૌથી પહેલાં તો તમારે વ્યવહારની શુદ્ધિ કરવી પડશે. વ્યવહારશુદ્ધિ વિના અંત:કરણની શુદ્ધિ કદી નહીં થઈ શકે. ગમે એટલી પરિષદોમાં જશો કે ગમે તે કરશો તોપણ વ્યવહારશુદ્ધિ વિના મલિનતા દૂર થવાની નથી.

જ્યાં સુધી અંત:કરણની શુદ્ધિ નથી, જ્યાં સુધી વ્યવહારની શુદ્ધિ નથી ત્યાં સુધી સત્ત્વનો ઉદય થઈ શકવાનો જ નથી. અને ત્યાં સુધી દૈવી સંપત્તિ સાંપડી શકવાની પણ નથી.

વ્યવહારશુદ્ધિ વડે જ સત્ત્વનો ઉદય થાય છે.

વ્યવહારશુદ્ધિ ન હોય અને દસ કલાકની સમાધિ લગાવી બેસો તોપણ કશો લાભ થવાનો નથી. અધ્યાત્મજીવનમાં વ્યવહારશુદ્ધિની જ પરમ આવશ્યકતા છે.

**શિવસંકલ્પ**

સત્કાર્ય માટે આપણે પાકો નિશ્ચય કરવાનો છે. પછી એને પૂર્ણ કરવાનું કામ ભગવાનનું છે. ગમે તેટલાં વિઘ્ન આવે તોય સત્કાર્યને પાર પાડવાનો પાકો નિશ્ચય કરી લઈએ પછી ભગવાન જ વિઘ્નોનો નાશ કરશે ને પાર ઉતારશે. આપણે તો નિમિત્તમાત્ર છીએ.

આપણા ધ્યેયમાં નિશ્ચયપૂર્વક ને મક્કમતાથી ઊભા રહીએ, પણ ઉદ્દંડ તો ન જ બનીએ.

જે કાર્ય હાથમાં લઈએ એને પૂરું કરવું જ જોઈએ પછી ભલે ને પ્રાણ આપી દેવા પડે !

**આચરણ**

મહાપુરુષોએ તમને જે કંઈ કહ્યું એનું આચરણ તો કરશો ને ?

સાંભળેલું આચરણમાં ઉતારો તો જ સાર્થક છે. બાકી તો તમે સિનેમામાં જવાને બદલે મનોરંજનને માટે સાધુઓમાં ચાલ્યા આવ્યા એટલો જ ફરક રહેશે.

મહાપુરુષો તો ટકોરો મારીને તમને જગાડવા માટે આવતા હોય છે, પરંતુ તમે જો એમનાં આદર્શયુક્ત વચનોનું અનુસરણ નહીં કરો તો કેવળ મનોરંજન જ બની જશે.... ગુરુદેવ શિષ્યે અર્પણ કરેલાં ફળફૂલથી નહીં, પોતે આપેલા ઉપદેશ મુજબના શિષ્યના આચરણથી પ્રસન્ન થાય છે. હું સાધુ હોવા છતાં ઉપદેશ આપવાનું નથી જાણતો, કારણ જ્યારે ઉપદેશની શાળા

ખૂલી હતી, ત્યારે હું આચરણની શાળામાં ગયો હતો.

**પ્રાર્થના**

આપણે અધિક મેળવી ન શકીએ તો કંઈ નહીં, જે છે તેની તો બરાબર રક્ષા કરીએ. હે ભગવાન ! અમે મનુષ્યની જેમ જીવતાં શીખીએ, પશુ ન બનીએ.

પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. સને ૧૯૬૨માં મેં જાતે જ પ્રાર્થના કરી હતી કે બીજાઓનાં દુઃખદર્દ મને આપો. સંભવ છે કે એ પ્રાર્થનાને પરિણામે જ હું રોગી બન્યો હોઉં.... આજે પણ આવી જ પ્રાર્થના કરું છું.

**સાધુ**

મારે જો સાધુ નામ રાખીને નિભાવવું હશે તો જ્યાં સુધી મને અણુ અણુમાં પરમાત્મા દેખાશે ત્યાં સુધી જ નભશે.... આ માટે મારા અંતઃકરણમાં શુદ્ધિ હોવી જોઈએ.... એ નહીં હોય તો મારામાં ક્યાંક દોષ હશે.... હું કદાચ ઈશ્વરને યોગ્ય રીતે માનતો નહીં હોઉં.

બીજાનું કલ્યાણ કરે એનું નામ સાધુ.

સાધુ એ છે જે બીજાની સતત ચિંતા કરે છે, છતાં ક્ષણભર પણ ચિંતાતુર નથી રહેતો. જે સદા કર્તવ્યમગ્ન અને પરહિતરત હોવા છતાં કોઈ કાર્ય નથી કરતો.... પોતાની નિંદા કરનારને ક્ષમા આપવાની ઉદારતા જેનામાં છે એ સાધુ છે.

**સંસાર-વ્યવહાર**

વ્યવહારની વાતો જો સાંભળવી પડે તો સાંભળો, પરંતુ તરત જ બીજે કાનેથી કાઢી નાખો. તેને મનમાં રાખવાથી રાગદ્વેષ વધશે. વ્યવહારમાં પ્રતિકૂળતા એ તો પૂર્વજન્મનું ફળ છે. એને

ચૂપચાપ સહન કરવામાં ચતુરાઈ છે. વિચાર કરો, સંસારમાં કોઈ એવો ઉપાય છે કે જેથી તમે સર્વને પ્રસન્ન કરી શકો ?

જે કાર્યમાં તમારી ઈચ્છા ન હોય, જે કાર્યથી તમારું મન વ્યથા અનુભવતું હોય એ કાર્ય કદી ન કરશો. મૂર્ખ લોકોની વાતો પર ધ્યાન શા માટે આપો છો ? એ નિંદા કરે કે પ્રશંસા, બેય નકામાં છે. શત્રુમાં વિશ્વાસ મૂકવો એ આફત નોતરવા સમાન છે. મોટાઓની ઈર્ષા ન કરશો, નાનાંઓનું અપમાન ન કરશો, સરખા સાથે સ્પર્ધા ન કરશો, નહીં તો શત્રુતા પેદા થશે. વાંચ્યા વિના કોઈ કાગળ પર સહી કરશો નહીં.

આ સંસાર અનિત્ય છે એવો દૃઢ વિશ્વાસ થઈ જાય તો જીવન આનંદમય બની જશે. મૃત્યુનું સ્મરણ સદા રાખો. આ સંસાર અને શરીર ક્ષણભંગુર છે એ પણ ભૂલશો નહીં. કોઈ કાર્યમાં આળસ કરો નહીં, કારણ કે એક પળનો પણ ભરોસો નથી. ઉત્તમ સંગ, ઉત્તમ સંસ્કાર અને ઉત્તમ વિચારથી જીવન ઉત્તમ બને છે.

ઈશ્વર અનુગ્રહ, ગુરુકૃપા અને શુભ સંસ્કારોનો ઉદય થાય ત્યારે જ માનવી કંઈક કરી શકે છે.

**અહંકાર**

'હું કંઈક છું' એવો અહંકાર કરશો તો પછડાટનો ડંડો ખાવો જ પડશે. એટલે જ જેવા છો તેવા બની રહી નમ્રતા સેવો. અભિમાન જ આફત ઊભી કરે છે. દુરાચાર જેટલો જ અહંકાર પણ માનવીનો દુશ્મન છે.

ક્રોધ અને અભિમાન નાશનાં ચિહ્નો છે; એથી બચો. જેના હૃદયમાં કરુણા અને મૈત્રીનો ભાવ નથી તે કેવળ અહમ્નું પૂતળું

જ છે. આપણે જે વિચાર્યું તે બરાબર જ છે એમ ન માનશો. અહમ્‌યુક્ત બુદ્ધિ ઊંધું પણ વિચારે છે.

ભોગોમાં કોઈ પણ પ્રકારની આસક્તિ ન રાખો. ચિત્તમાં ભોગોની ક્ષણભંગુરતાનો વિચાર રાખજો. સઘળાં કામોમાં કર્તવ્યબુદ્ધિ અને ભગવદાર્પણભાવ રાખજો. અહંકારનો સર્વથા ત્યાગ કરવાનો પ્રયત્ન કરજો.

'અહમ્'થી આસક્તિ વધે છે અને આસક્તિ અધોગતિને માર્ગે લઈ જાય છે. 'અહમ્'થી શક્તિ ઘટે છે અને વ્યવહારમાં પરાજય થાય છે. 'અહમ્'નો ત્યાગ કરો. 'અહમ્'નો ત્યાગ થતાં જ જ્ઞાન, ધ્યાન અને ભક્તિ પ્રાપ્ત થશે. 'અહમ્'નો ત્યાગ એ જ સાચો ત્યાગ છે. આ ત્યાગના અભિમાનનો પણ ત્યાગ કરવો જોઈએ. 'અહમ્'ને સદ્‌વિચારોમાં લગાડવું એ સ્વસ્થ મનની નિશાની છે.

શુભ કાર્ય બંધનકર્તા નથી પણ 'હું કરું છું' એ ભાવ જ બંધનકર્તા છે.

**સંપ્રદાય**

હરકોઈ સંપ્રદાય માનવતા માટે જ છે. માનવને માનવ બનાવવા માટે સંપ્રદાયનું તાત્પર્ય છે. આજે દુષ્કાળમાં માનવતાનો જ હ્રાસ થઈ રહ્યો છે, પછી માનવ કોને બનાવીશું ? એટલે જ માનવને માનવ બનાવવા માટે નિમાયેલા હરકોઈ સંપ્રદાયનું માનવની રક્ષા માટે શક્ય તે બધું કરી છૂટવાનું કર્તવ્ય છે.

કોઈ પણ સંપ્રદાયના આચાર્યનો સિદ્ધાંત સીમિત નથી હોતો. તેમના સંપ્રદાયમાં રહીને જો તમે સંકુચિત કે સીમિત વિચારો સેવતા હો તો તમે મૂળ આચાર્યનું અપમાન કરો છો.

**બ્રહ્મનિષ્ઠા**

જીવ અલ્પજ્ઞ છે, બ્રહ્મ સર્વજ્ઞ છે. માયા જીવને બાંધી શકે છે, બ્રહ્મને નહીં. સત્ય અટલ છે, અવિનાશી છે. સત્યની ઉપર કદાચ આવરણ આવશે, પણ એનો નાશ નહીં થાય.

દૈવીશક્તિનો પ્રાદુર્ભાવ થયા પછી બ્રહ્મનિષ્ઠાની અવસ્થા આવી જાય છે. પછી મનુષ્યનું પતન થતું જ નથી.

शिवोऽहं એ આત્માની સ્થિતિ છે. એને બનાવવી નથી પડતી, આપોઆપ બની જાય છે. આ ભૂમિકા આવી ગયા બાદ એકવીસ દિવસમાં જ શરીર છૂટી જાય છે.

**પ્રેમ**

પ્રેમ પ્રેમીમાં નહીં, પ્રેમાસ્પદમાં હોય છે. પ્રેમાસ્પદ પ્રેમીને સંભાળે છે. અને પ્રેમ આપે છે.

જીવનમાં બે જ ચીજ સાચવી રાખજો પ્રેમ અને કર્તવ્ય.

પ્રેમી, વ્યસની અને આસક્ત ત્રણેયની દશા એક જ હોય છે, પરંતુ વ્યસન અને આસક્તિમાં દુઃખ હોય છે. જ્યારે પ્રેમમાં સતત આનંદ હોય છે. વ્યસન અને આસક્તિમાં ઉપરતિ હોય છે, જ્યારે પ્રેમ તો નિરંતર વધતો જ જાય છે. પ્રેમ નિઃસ્વાર્થ હોય છે.

બદલો લેવાના પ્રયત્નમાં નહીં, સૌ સાથે સ્નેહ કરવાના પ્રયત્નમાં જ શાંતિ મળે છે. પ્રેમ અરૂપ અને મનની સ્થિતિ છે તેથી એનું સ્વરૂપ ક્યારેય સમજાતું નથી. આ એ પ્રમાણે છે, જેમ કે વેદના; વેદનાને આપણે અનુભવી શકીએ છીએ, કહો કે વર્ણવી નથી શકતા.

**શ્રદ્ધા**

શ્રદ્ધા વડે ઈશ્વરનું સામીપ્ય સાંપડે છે. શ્રદ્ધા અચળ હોવી જોઈએ; એમાં તર્કને સ્થાન હોવું ન જોઈએ.

શ્રદ્ધા આશાવાન, બળવાન અને અટલ હોવી જોઈએ, શ્રદ્ધા શ્રીરામનું મંગળ વરદાન છે.

કેવળ શિષ્ટાચારને માટે જ પ્રણામ ન કરશો, સાચા હૃદયની શ્રદ્ધા હોય તો જ પ્રણામ કરશો, અશ્રદ્ધા જાગી હોય ને પ્રણામ કરશો તો અનિષ્ટ થશે.

બિલાડી પોતાનાં બચ્ચાંને ઉઠાવીને જ્યાં લઈ જાય છે ત્યાં જ એ રહી જાય છે. બીજું કશું ન કરતાં શરણાગતે પણ એ જ રીતે વિચારવું જોઈએ કે મારો ભગવાન મારે માટે જે કંઈ કરશે તે સારું જ કરશે.

ઈશ્વરમાં વિશ્વાસ ન રાખીએ તો, ઈશ્વરનું તો કશુંય નહીં બગડે, આપણને જ નુકસાન થશે.

**માગવું**

માગવું હોય તો પ્રભુ પાસે જ માગો, જગત પાસે કશુંય ન માગશો.

તમારું હૃદય જ્યાં કરુણાથી દ્રવે ત્યાં આપનારો હાથ લંબાવો અને ભગવાનની પાસે જાઓ ત્યારે તમારો માગનારો હાથ લંબાવો.

પ્રભુ પાસે ધન માગશો જ નહીં; કારણ દ્રવ્ય ક્ષુદ્ર વસ્તુ છે. મહાપુરુષોએ દ્રવ્યની લાલસાનો તિરસ્કાર જ કર્યો છે. ધનનો સંગ્રહ કરીને એને જો સારા કામમાં વાપરી ન શકીએ તો આપણા જેવો અભાગિયો બીજો કોણ છે ?

મંદિરમાં જઈને તમે એવું ન કહેશો કે, ''હે ભગવાન ! મારું સઘળું સારું કરી દે....'' તમારા ઘરમાં સારું કરવા માટે સંતો મોજૂદ છે. ભગવાનને તો મોટું કામ સોંપવું જોઈએ, અને તે છે સમસ્ત વિશ્વનું કલ્યાણ.

**દોષદર્શન**

પારકા દોષ જોશો નહીં, પારકાની વાત સંતાઈને સાંભળશો નહીં, તમારા દોષ કોઈ જુએ તો તમને કેવું લાગે ? બસ, એ જ વાત તમે બીજાના દોષ જુઓ તે અંગેની છે. પારકાના દોષ જોયા કરશો તો તે દોષ તમારા માર્ગમાં પણ આવશે.

તમે જો બધા દોષોથી મુક્ત હો તો જ તમને બીજાના દોષો જોવાનો અધિકાર છે.

જ્યારે તમારું મન તમારા દોષોને સમજવા માંડે ત્યારે માનજો કે તમારા પુણ્યનો ઉદય થઈ રહ્યો છે.

દ્રષ્ટાને આધારે જ દશ્ય છે. લીલાં ચશ્માં પહેરશો તો બધું લીલું દેખાશે ને પીળાં ચશ્માં પહેરશો તો બધું પીળું દેખાશે. તમે જેવી ભૂમિકા પર હશો તેવું જગત દેખાશે. દષ્ટિકોણ જ જગત છે.

**સેવાપરાયણતા**

તમારી પાસે અમુક રકમ હોય તો જ તમે સેવા કરી શકો એવું નથી. પરમાર્થમાં તો સાચા દિલથી જે કંઈ વાપરો તે અધિક મૂલ્યવાન જ છે.

તમે તમારી આર્થિક સ્થિતિ નબળી થઈ જાય એ રીતે સેવામાં દોડો એવું મારું નથી કહેવું. તમારાથી જે કંઈ થઈ શકે, જે રીતે થઈ શકે તે રીતે દુ:ખીની સેવા માટે તત્પરતા સેવો એટલું જ

મારું કહેવું છે.

જે સાસુની સેવા ન કરતી હોય એનું મારે દુષ્કાળ-રાહતની સેવામાં કામ નથી. જે સાસુની સેવા ન કરે તે અહીં આવીને શી સેવા કરશે ?

દુ:ખીની સેવામાં જાઓ ત્યારે એમની ભાવના શુદ્ધ થાય તે માટે એમને મનથી પ્રેરણા આપતા રહો કે જેથી પરમાણુ સારા બને. તનથી એમના માટે ભોજન બનાવો કે જેથી એમની સેવા થઈ શકે. આપણું જીવન સેવાપરાયણ બની રહો.

સેવા તનથી, મનથી અને ધનથી ત્રણેય પ્રકારે કરવી જોઈએ. તન તોડીને મહેનતપૂર્વક કરવામાં આવેલી સેવા તનની સેવા કહેવાય. અહંકાર છોડીને, મનને મારીને કરવામાં આવેલી સેવા મનની સેવા ગણાય અને ઉદારતાપૂર્વક પૈસા આપીને કરેલી સેવા ધનની સેવા ગણાય.

સૌથી કઠિન સેવા તનની જ છે. ધન તો આપી દઈએ એટલે છૂટ્યા. સેવા અને સુખનો સંબંધ કદી ટકી શકતો નથી. જે સુખ ચાહતો હોય તે સેવા કરી શકે જ નહીં. સેવામાં તો ખતમ થઈ જવાનું હોય.... સેવા તો નિ:સ્વાર્થ ભાવથી કરાય તો જ દીપે. પોતાના સ્વાર્થનો ત્યાગ ને બીજાઓ પ્રત્યેની આત્મીયતાના ભાવ વડે જ સાચી સેવા કરી શકાશે. સમાજસેવા કરવી સારી તો છે પણ કેટલી કઠિન છે !

**સેવાફળ**

આફતનો સમય કાયમ રહેવાનો નથી. કાળ સ્થિર નથી. સમય અવશ્ય ચાલ્યો જશે. પરંતુ આફતના સમયમાં તમે જો સેવા કરી હશે તો તેનો સંતોષ કાયમનો બની રહેશે. હું માનું છું કે જે વ્યક્તિ

સાચી નિષ્ઠાપૂર્વક પરમાત્માનું કામ કરે છે, એનાં વ્યાવહારિક વિઘ્નોને ભગવાન કોઈ ને કોઈ નિમિત્ત વડે દૂર કરે છે.

દુ:ખીની સેવા માટે તમે જે કંઈ આપશો તે બધું ખૂબ ઝડપથી ભરપાઈ થઈને તમને પાછું મળશે. સત્તા વડે નહીં, સેવા વડે જ હૃદય જીતી શકાય. નિ:સ્વાર્થ અને યથાર્થ સેવા કરવામાં આવે તો રાગાદિ વિકારો મનમાં આવે જ નહીં.

ચંદન પરહિત માટે ઘસાઈને ખતમ થઈ જાય છે; તેથી જ તેને પ્રભુના કપાળ ઉપર લગાવાય છે.

**ધાર્મિકતા**

આહાર, નિદ્રા, ભય અને મૈથુન તો પશુઓને પણ ઉપલબ્ધ છે. માનવજન્મ મેળવીને જો આ ચારથી ઉપરવટ જઈને સાધન-ભજન ન કરો તો પશુ અને માનવમાં શો ફેર ? મનુષ્ય જ એક એવું પ્રાણી છે જેમાં ધર્મ મુખ્ય છે. તેનો ઉપયોગ બીજાને સુખી કરવા માટે જ થવો જોઈએ. જે ધર્મવિહીન છે તે પશુ સમાન છે. ચોરી કરીને બીજાના ધનને ધર્મદા કરવાનો આપણને અધિકાર નથી.... હૃદય પર કાયદો કે સત્તાનો અધિકાર ચાલી શકતો નથી. એની ઉપર તો ધર્મ અને પ્રેમની સત્તા જ ચાલી શકે છે.

આપણા વડે કોઈને દુ:ખ ન થાઓ, આપણું અસ્તિત્વ વિનમ્રતાભર્યું અને મૃદુભાષાવાળું બની રહો. આપણે આશાઓના પાશમાંથી મુક્ત રહીએ.

અપરાધોની સજા નરમ કરવામાં આવી, સાક્ષીઓ ખોટું બોલવા માંડ્યા, ન્યાયાધીશો નિષ્પક્ષ ન રહ્યા, જનતાનું મનોબળ નબળું પડ્યું ને ધર્મનું સ્થાન જીવનમાંથી હટી ગયું,

એટલે જ ગુનાઓની સંખ્યા વધી ગઈ.

ક્ષણિક જીવનને માટે સત્યનો આશ્રય તો કદી ન છોડશો.

**સાચું જીવન**

સાદગીભર્યું જીવન જ સાચું જીવન છે. જીવનને અસલી બનાવો, નકલી નહીં. નકલી ફૂલ ગમે તેટલાં સુંદર હોય, એમાં સુગંધ નથી હોતી.

જીવનમાં સંઘર્ષ તો આવવાના જ છે, એની સાથે લડવું જોઈએ. જીવન-મરણ, હાનિ-લાભ, યશ-અપયશ, સુખ-દુઃખ વગેરે તો જીવનસંગ્રામમાં આવવાનાં જ છે. એમને પાર કરવા માટે કેવળ ધૈર્ય અને ભગવદ્નિષ્ઠા જ અમોઘ શસ્ત્રો છે.

તનથી કામ અને મનથી રામ એ જ જેનું જીવન છે, એ યોગી છે. જીવનનો લાભ ઉમદા વિચાર છે. જન્મનો લાભ કર્તવ્યપાલન છે.

અનાજ ખાવાને લાયક થયા પછી બાળકને માતાના દૂધની જરૂર નથી રહેતી. એ રીતે પોતાના પગ પર ઊભા થયા પછી માનવે પિતા તરફથી વારસામાં મળેલ પૈસાનો ઉપયોગ કરવો ન જોઈએ. એનો ઉપયોગ પરમાર્થમાં જ કરવો જોઈએ.

જીવન જીવવા માટે ભોજન છે. ભોજન માટે જીવન નથી. જીવનમાં ધ્યેયની પ્રગતિ કરે તેનું જીવન સાર્થક છે. સદા મૃત્યુનું સ્મરણ રાખો. સંસાર અને શરીર ક્ષણભંગુર છે, તેની વિસ્મૃતિ થવા દેશો નહીં.

જીવનમાં જ્યાં સુધી સદાચાર અને સંયમ ન આવે ત્યાં સુધી પુસ્તકમાંનું જ્ઞાન કામમાં આવતું નથી. જેના જીવનમાં ધર્મને મુખ્ય સ્થાન નથી, તેના જીવનમાં શાંતિ નથી, ધર્મ અને

ઈશ્વરને ભૂલનાર સુખી થતો નથી.

જગતમાં બીજાના દોષો જોશો નહીં. તમારા પોતાના દોષ જોવાની ટેવ પાડો. તમારા મનને સુધારો. તમારી ભૂલ બતાવે તેનો ઉપકાર માનો. જીવનમાં આવતી ઘટનાઓનું જો કોઈ કારણ ન મળે તો તેને પ્રારબ્ધ સમજો. આપણું જીવન સુધારવું કે બગાડવું એ આપણા જ હાથમાં છે.

**માનવ-ધર્મ**

દરેકનું એ કર્તવ્ય છે કે બીજાને દુ:ખી જુએ ત્યારે સહાનુભૂતિપૂર્વક મદદરૂપ બને. આવું ન કરી શકે એ માનવ નથી. આજે તો વિત્તનો કાબૂ સૌના ચિત્ત ઉપર ચડી બેઠો છે. એ વિત્તને પરહિતમાં લગાવી દેવાય તો કેવું સારું ? ગરીબોની સેવા માટે તન, મન અને ધન કશુંય વાપરી શકીએ નહીં ને વળી પાછા પોતાને માનવ કહેવડાવીએ તો તે બરાબર નહીં ગણાય. આપણે મનુષ્ય છીએ તો બીજાની સેવા કરવી આપણું કર્તવ્ય છે. દુ:ખી જનોની સેવા માટે તમારે કંઈક તો કરવું જ જોઈએ. એ વિના માનવ થઈ ન શકાય. હું એમ નથી કહેતો કે તમે પૈસા જ આપો. કુટુંબને દુ:ખી કરીને રાહતકાર્યમાં પૈસા આપનારો અન્યાય કરે છે, પરંતુ જેની પાસે જરૂર કરતાં વધુ છે એ જો નહીં આપે તો તે પણ પોતાના આત્મા સાથે અન્યાય કરતો હશે.

**સત્સંગ**

બને ત્યાં સુધી સારા પુરુષોનો સંગ કરો. એમના આદર્શોને અનુરૂપ જીવન ઘડવાનો યત્ન કરો.

વિચાર જેમ જેમ ઉન્નત થતા જાય છે, તેમ તેમ મન આચારમાં મૂકતું જાય છે. એટલે જ મહાપુરુષોએ સત્સંગનો

આગ્રહ કર્યો છે.

જીવનનું ઘડતર વિચારોને આધારે થાય છે, ને વિચારોની ઉત્પત્તિ સોબત વડે થાય છે.

દૈવી સંપત્તિઓ કેવળ ઈચ્છાઓથી નથી આવતી. સંપત્તિનું ઉત્પત્તિસ્થાન વિચારો છે. વિચારોનો આધાર સંસ્કાર પર છે અને સંસ્કારોનો આધાર સોબત પર છે.

સત્સંગ કદાચ ન મળે તોપણ કુસંગોથી તો દૂર રહેવું જ જોઈએ. આ પણ સત્સંગ બરાબર ગણાય. સત્સંગ ઉન્નતિનું મૂળ છે. કુસંગ અવનતિનું. સાચો દુ:સંગ તો તમારી પોતાની કામનાઓ જ છે. ત્યાગ દ્વારા કામનાઓ અને દુ:સંગથી છુટકારો થઈ જશે.

કોઈ જગ્યાએ તમને એમ લાગે કે તે વ્યક્તિના વિચારો શુદ્ધ નથી તો તે સ્થાન છોડી ચાલ્યા જવું. તેને ખોટું લાગશે તેનો વિચાર કરશો નહીં. જ્યાં વધારે ગિરદી હોય ત્યાં સાધકે જવું જોઈએ નહીં, કારણ કે ત્યાં અનેક પ્રકારના મનુષ્યો આવે છે. સમજપૂર્વકનો સત્સંગ જલદીથી ફળ આપે છે.

કુસંગથી યતિ અને કુમંત્રીથી રાજા પણ બગડે છે. સંસાર તો સર્પ છે. એને મારનાર નોળિયારૂપી મનને તૈયાર કરનાર સત્સંગ છે. જેમને શાસ્ત્રોમાં વિશ્વાસ નથી અને જેઓ હંમેશ શંકાશીલ છે, તેવા લોકોનો સંગ એ કુસંગ છે.

**સદ્‌ગુરુ**

ગુરુદેવ કદી અનિષ્ટ નથી કરતા. એ જે કંઈ કરશે તે આપણા હિત માટે જ કરશે. શિષ્ય ભણી અનિષ્ટની ભાવના સેવે એ ગુરુ કહેવાય જ નહીં.

તમે બધા મને ભક્તિભાવમાં જગદ્દગુરુ કહો છો. પરંતુ મારા સિદ્ધાંતો જો સંકુચિત અને સીમિત હોય તો જગદ્દગુરુ શેનો ગણાઉં ? મારા જગતથી શું બિહાર અલગ છે ? ગુરુ કુંભાર છે, શિષ્ય ઘડો છે. ગુરુજી જેવા ઘાટ ઘડે એવો શિષ્ય ઘડાય. અનુભવીની મદદ વડે જ જ્ઞાન સાંપડે.

લોઢાનો ટુકડો ચાહે તો અડધા મણનો હોય કે એકાદ તોલાનો હોય, પાણીમાં ડૂબી જ જશે. પરંતુ એને જો લાકડા સાથે જોડી દેવાશે તો કદી નહીં ડૂબે. કારણ લાકડું પાણીથી જ પોષાયું હોઈ સાગર એને ડૂબવા નહીં દે. એવી જ વાત શરણાગતિની છે. લોઢું જેમ લાકડાંની સાથે જોડવાથી નથી ડૂબતું, તેમ જીવ સદ્દગુરુના શરણે ગયા પછી તરી જાય છે.

ઈશ્વરનિષ્ઠા, સદ્દગુરુનાં વચનોમાં શ્રદ્ધા અને ધારણાશક્તિ હોય તો આત્મજ્ઞાનમાં વિલંબ રહે નહીં. ગુરુમાં અડગ શ્રદ્ધા એ ભક્તનું સાચું ધન છે. બ્રહ્મજ્ઞાન તો ગુરુની કૃપાથી જ મળે છે. રાગદ્વેષ કરવાથી બ્રહ્મપ્રાપ્તિ થતી નથી. વધારે અભ્યાસ કે પુરુષાર્થ કરવાથી એ જ્ઞાન પ્રાપ્ત થાય છે એવું પણ નથી. ગુરુની શરણાગતિ એ જ શિષ્ય માટે સરળ માર્ગ છે.

દર્દીએ પહેલાં તો વૈદ્ય પર વિશ્વાસ રાખવો જોઈએ. પછી સમયસર યોગ્ય દવા લેવી જોઈએ, અને પથ્યનું પાલન કરવું જોઈએ. આમ કરે તો જ ફાયદો થાય છે. તેવી જ રીતે ભગવત્પ્રાપ્તિ માટે ગુરુમાં શ્રદ્ધા અને તેની આજ્ઞા અનુસાર સાધન-ભજન કરવું જોઈએ.

માનવીમાં રહેલી દાનવતા ગુરુ દૂર કરે છે અને અંતમાં માનવને મહામાનવ બનાવે છે.

**સંસ્કૃતિ-રક્ષા**

ઘણા મહાત્માઓ પાસે લાખો રૂપિયા છે. એ લોકો ધારે તો સંસ્કૃતિનું ઘણું સારું કામ કરી શકે. પરંતુ એમના બધા રૂપિયા તો મંદિરો બનાવવા પાછળ જ ખર્ચાઈ જાય છે. એથી એમની સ્મૃતિ કાયમ રહેશે. પણ આપણી સંસ્કૃતિ તો દિનપ્રતિદિન નીચે પડતી જાય છે એનો વિચાર કરતાં મને ઊંઘ આવતી નથી.

આજે તો ભણીગણીને નોકરી કરવામાં જ બધું સમાઈ જાય છે. ભણતર પાછળ ખર્ચ થાય છે, એનું વ્યાજ પણ નોકરીમાંથી નથી નીકળતું. સ્વતંત્ર વિચારવાળાએ તો અભ્યાસ કરીને સંસ્કૃતિનું કામ કરવું જોઈએ.

સંસ્કૃતિની રક્ષા કરવા માટે વિકાસ આવશ્યક છે. વિકાસનો અર્થ આપણી સંસ્કૃતિ ખોવી એવો નથી જ. દ્રવ્ય અને બળના મોહમાં પડ્યા વિના આપણી સંસ્કૃતિની રક્ષા હર હાલતમાં કરીએ. આર્ય સંસ્કૃતિ પુષ્ટ રાખવી હશે તો જનસમૂહના જીવનસ્તરને નીતિ અને સદાચારના આદર્શો પર બેસાડવું જ પડશે.

**આત્મસંતોષ**

જ્યારે સંતોષને પૂર્ણરૂપે અપનાવી લેશો ત્યારે તમને જેટલું મળશે તેટલામાં ખૂબ સુખનો અનુભવ થશે. મને તો પહેલેથી જ ખાતરી છે કે ભૌતિક વિજ્ઞાન વડે શાશ્વત સુખ, આત્મસંતોષ અને મનની શાંતિ કદાપિ નહીં મળે. આજના વિજ્ઞાનીઓ કરતાં રાવણ ઘણો આગળ વધેલો હતો છતાં ન તો એ જગતને સુખ આપી શક્યો, ન તો આત્મસંતોષ મેળવી શક્યો.

કોઈને રોટી-કપડાં આપીએ છીએ ત્યારે આપણને આત્મસંતોષ થાય છે. આપણા ઘેર કોઈ મિત્ર આવે ને એને ચા

પાઈએ ત્યારે આપણને સંતોષ થાય છે. આત્મસંતોષ જીવનનું ધન છે, જીવન એથી ભરેલું હોવું જોઈએ.

**સાધના**

સાધકને ઈશ્વરના અસ્તિત્વમાં એટલો જ દઢ વિશ્વાસ હોવો જોઈએ જેટલો પોતાના અસ્તિત્વમાં છે.

જેણે પ્રેમ, વિશ્વાસ અને નિષ્ઠાનું ભાથું સાથે રાખ્યું છે, એને સાધનામાં સફળતા મળે જ મળે. જીવનમાં એવો અમૂલ્ય સમય મળવો કઠણ છે, જે સઘળાં સાધનોને સુલભ બનાવી દે.

સાધનામાં જ્યારે વિઘ્ન આવે કે ઉત્સાહનો ભંગ થાય ત્યારે ભગવાનની કૃપા માટે પ્રાર્થના કરો.

જીવનનિર્વાહનાં સાધનોના આગ્રહ માટે જેટલી તન્મયતા હોય છે, એનાથી અડધી તન્મયતા પણ જો સાધનામાં હોય તો આત્મબળ અવશ્ય મળે.

વ્યવહારમાં પ્રારબ્ધ મુખ્ય છે. અધ્યાત્મમાં પુરુષાર્થ મુખ્ય છે.

સાધના વિના સિદ્ધિની લાલસા તો મૃગતૃષ્ણા સમાન છે. સાધનામાં ભાવ પ્રધાન છે. સાધના કરે તે સાધક. ગુરુની આજ્ઞાનું સંપૂર્ણપણે અનુસરણ કરવું તે સાધન. ભય અને શોક હરે તે ગુરુ. સદ્‌ગુરુની અનુકંપાથી કલ્યાણનું સાધન પ્રાપ્ત થાય છે. તમારે તો તન, મન અને ધન ગુરુચરણે સમર્પિત કરી કર્મ કરવાં જોઈએ. નિત્ય અને નિયમપૂર્વક સાધના કરતા રહેવું - એ ગુરુની ઉત્તમ સેવા છે. શરીરથી સેવા કરવી એ મધ્યમ સેવા છે, ધનથી સેવા કરવી એ કનિષ્ઠ સેવા છે.

સાધનામાં વિક્ષેપ જેવો કોઈ શત્રુ નથી. વિક્ષેપથી ઉદ્વેગ પેદા

થાય છે અને ઉદ્વેગથી સાધનામાં ભંગ પડે છે. માટે વિક્ષેપને તમારી નજીક આવવા દેશો નહીં.

મૃત્યુ શિર પર નાચી રહ્યું છે એમ સમજીને સાધનામાં ઢીલ કે પ્રમાદ કરશો નહીં.

**ઈશ્વરકૃપા**

ભગવદ્‌કૃપા મેળવવાની ઈચ્છા હોય એમણે રસનાને જીતવી જ પડશે. રસનાનો સંયમ થશે એટલે અન્ય ઈન્દ્રિયોનો સંયમ આપમેળે થશે.

રાસાયણિક ક્રિયા દ્વારા તાંબામાંથી સોનું બન્યા પછી ફરીથી તાંબુ થઈ શકતું નથી, એ રીતે ભગવદ્‌કૃપા દ્વારા પ્રભુચરણમાં પહોંચેલાનો પુનર્જન્મ નથી થતો એવો પૂરેપૂરો નિશ્ચય કરો.

આપણી ભૂલોનું પરિણામ સમજમાં આવી જાય ને આપણે સવેળા જાગી જઈએ એ ઈશ્વરની કૃપા હોય તો જ બને.

ઈશ્વરની કૃપા અધિક હોય છે ત્યારે જ પાપનું ફળ ઝટ મળે છે અને દુર્ગુણો છૂટી જાય છે.

**ઈશ્વર**

ઈશ્વર કેવળ ચિન્મય તત્ત્વમાત્ર જ નથી. એ તો સર્વશક્તિમાન છે, એ આપણને પ્રેમ કરે છે, આપણો ઉદ્ધાર કરે છે, આપણને આનંદ આપે છે. એટલું જ નહીં, આપણે જો એને ભજીએ તો એ આપણને પણ ભજે છે.

એમાં કોઈ અજાયબી નથી કે ભગવાન પોતાની પ્રભુતા અને ઐશ્વર્યને ભૂલીને પોતાના અનન્ય ભક્તોને વશ થઈ જાય છે. એ તો એમની સ્વાભાવિક ચીજ છે, સમજ્યા ને ?

કરુણાવરુણાલય ભગવાનની પ્રેરણાનો પ્રવાહ અસ્ખલિતપણે

ચાલુ જ છે. જીવ મોહને લીધે જ એને સમજી શકતો નથી.

ઈશ્વરને ઓળખવા માટે સૌથી પહેલાં તો મનુષ્ય બનો. માનવને જ ઈશ્વરપ્રાપ્તિનો અધિકાર છે.

ઈશ્વર જ તમારો સાચો રક્ષક છે છતાં તમારે ધીરજ રાખવી પડશે. ભગવાનને ત્યાં વાર લાગે છે ખરી, પરંતુ ત્યાં અંધેર નથી. પરમેશ્વર પૂર્ણ ન્યાયી છે.

ઈશ્વર અનુભવજન્ય છે. એ તર્કનો વિષય નથી. ઈશ્વર ભક્તને આધીન છે એમાં સંદેહ નથી. હંમેશ અડગ શ્રદ્ધા રાખો કે ભગવાન તમારી સાથે જ છે. ભગવાનનું શરણ લેનાર કદી નિર્બળ હોય જ નહીં.

ઈશ્વર કૃપા કરે છે ત્યારે સંપત્તિ આપતા નથી, પરંતુ સાચા સંતનો સત્સંગ આપે છે અને તેનું મન શુદ્ધ કરે છે. બુદ્ધિમાન ભક્ત તો તે છે કે જે ઈશ્વર સિવાય બીજા પદાર્થો પ્રત્યે પ્રેમ કરતો નથી. ઈશ્વર તમારું ઘર જોતા નથી, રૂપ જોતા નથી પરંતુ હૃદય જુએ છે. ઈશ્વરનું ચિંતન ન થાય તો વાંધો નહીં પણ સંસારના વિષયોનું ચિંતન કરશો નહીં.

ઈશ્વર પર વિશ્વાસ અને નિષ્ઠા – આ બંને ઊર્ધ્વગતિનાં સાધન છે. ઈશ્વરને તમે એવા ભોળા ન સમજશો કે એક માળા ચડાવી એટલે તમારું કામ પતી ગયું !

**આત્મગુણો**

**ત્યાગ :** આપણે જો કંઈ મેળવવું હશે તો કશુંક છોડવું પડશે. ત્યાગ વિના યોગ સંભવતો નથી.

**અખંડ આનંદ :** હું બીમાર હોઉં તોય આનંદ, સ્વસ્થતાથી સૂતો હોઉં તોય આનંદ, બોલતો હોઉં તોય આનંદ ને મૌનમાં

હોઉં તોય આનંદ.

**વૈરાગ્યબુદ્ધિ :** ભોગો પ્રત્યે વૈરાગ્યબુદ્ધિ રાખો. વૈરાગ્ય વડે જ યુવરાજ સિદ્ધાર્થ ભગવાન બુદ્ધ બન્યા.

**અપરિગ્રહ :** જરૂર કરતાં વધુ દ્રવ્યનો સંગ્રહ લોભ, મોહ, અભિમાન અને ક્રોધની વૃદ્ધિ કરે છે.

**ચિત્ત વિશુદ્ધિ :** બુદ્ધિને વિશુદ્ધ ત્યારે જ ગણો જ્યારે એમાં પરદોષદર્શનનો સંકલ્પ પણ ન હોય. તમારું બૂરું કરનારનું સહેજ પણ બૂરું કરવાનો વિચાર ન હોય.

**ઉદારતા :** ઉદારતા તો કીર્તિસ્તંભ છે. જેનામાં ઉદારતા નથી તે સદા ઉદાસ અને ગ્લાનિયુક્ત રહે છે.

**દયા :** અપરિચિતને પણ અપનાવી એની પ્રેમથી સેવા કરવી એનું નામ દયા છે.

**પ્રભુપ્રાપ્તિ**

પૂર્વ સંસ્કાર, ગુરુકૃપા, ભગવદ્અનુગ્રહ અને પુરુષાર્થ – આ ચાર ભગવદ્પ્રાપ્તિ માટે જરૂરી છે.

ખુદને ખોઈ દેશો તો ખુદા મળશે. ધ્યાન પરિપક્વ થાય એટલે આનંદની અનુભૂતિ અવશ્ય થાય.

પરમાત્માની પ્રાપ્તિ માટે યોગ ખૂબ જ સરળ સાધન છે. ભજન કરનારાએ વ્યક્તિગત સંબંધોને નબળા બનાવવાની સતત કોશિશ કરવી જોઈએ. એકમાત્ર પ્રભુ સાથે સંબંધ રહેવો જોઈએ.

**સદાચાર**

સંયમ અને સદાચાર તો જીવનવિકાસનાં પગથિયાં છે. એ બંનેને વ્યવહારમાં લાવવાં જ જોઈશે. નીતિમાન સુખી જીવનનો આનંદ માણી શકે છે. તમારા ઉત્તમ વિચારો અને શુભ

સંકલ્પોને શીઘ્ર અમલમાં મૂકવાનો પ્રયત્ન કરો. પ્રમાદી ન બનો. શુભ કાર્ય તો તત્કાળ કરી લેવું જોઈએ. આ શરીરનો શો ભરોસો ?

મૃત્યુ પછી મુક્તિની ઈચ્છા એ નર્યું અજ્ઞાન છે. જીવતાં જ મુક્તિ પ્રાપ્ત કરવી જોઈએ.

જો તમારી રહેણીકરણીમાં દંભ હોય તો સમજી લેવું કે તમે ભગવાનથી બહુ દૂર છો. આચાર શુદ્ધ હોય તો જ શુદ્ધ વિચાર થઈ શકે છે. આથી જીવનવિકાસમાં આચારશુદ્ધિનું પ્રથમ સ્થાન છે.

ધનથી સુખ મળે છે એ વાત ખોટી છે. સુખ તો મળે છે સંયમથી. સુખ મળે સદાચારીને. સુખ મળે છે ત્યાગથી અને સુખ મળે છે પ્રભુભક્તિથી.

**વૈરાગ્ય**

જ્યાં સુધી પાકો વૈરાગ્ય પ્રગટે નહીં ત્યાં સુધી નિત્યનિયમ ઢીલા કરવા નહીં. વૈરાગ્ય સ્થિર થાય તો જ ત્યાગ ટકી શકે છે. નિષ્કામ કાર્ય કરવાં એ પણ ત્યાગ છે.

મનન કરો સાંખ્યનું, નિદિધ્યાસન કરો યોગનું, અધ્યયન કરો વેદાંતનું અને જીવન જીવો ન્યાયનું. આમ કરશો તો વૈરાગ્ય દઢ થશે.

સાચો વૈરાગ્ય તો મનનો છે; પછી ભલે વ્યક્તિ ગૃહસ્થ હોય કે સંન્યાસી. ઘરમાં રહેવા છતાં જંગલમાં રહો છો, એવી વૃત્તિ કેળવો એ સાચો વૈરાગ્ય છે. વૈરાગ્ય અને ભક્તિ પાકાં ન થાય ત્યાં સુધી વેદાંતને હાથ લગાડશો નહીં.

વૈરાગ્યની વાતો કરવાથી કંઈ વૈરાગ્ય પેદા થતો નથી. મન અતિ ચંચળ છે. તે નિરર્થક પ્રપંચો પેદા કરે છે. વૈરાગ્ય અને

ભગવદ્સ્મરણના અભ્યાસી તમે એક દિવસ તેના પર વિજય મેળવી શકશો.

**નામ-જપ**

નામ-જપથી નામીની પ્રાપ્તિ થાય છે. જપ કરવાથી જીવ સૂક્ષ્મ ભૂમિકામાં પ્રવેશ કરે છે. નામ-જપથી દેહાધ્યાસ છૂટી જાય છે. જ્ઞાનીને પણ નામ-જપનું અવલંબન લેવું પડે છે, નહીં તો તેને દેહાત્મબુદ્ધિ આવી જાય છે.

ભગવાનના નામનો સહારો લઈને પણ પાપ ન કરી શકાય. એના આશ્રયે પાપ કરવું એ તો મહાન અપરાધ છે. આ કલિયુગમાં નામ-સ્મરણ એ ઈશ્વરપ્રાપ્તિ માટે કે શાશ્વત આનંદ માટેનું સહુથી સહેલું, ઝડપી અને ચોક્કસ સાધન છે.

જપ આસક્તિનો નાશ કરે છે. જપ વૈરાગ્ય ઉત્પન્ન કરે છે. જપ મનુષ્યને અભય બનાવે છે. જપ ઈશ્વરનાં દર્શન કરાવે છે. નિયમિત જપ કરવાની ટેવ પાડો. આમ કરશો તો જ મૃત્યુ સમયે ઈશ્વરને યાદ કરવાનું સરળ બનશે.

**ભક્તિ**

જીવન પુષ્પ સમાન છે. સંધ્યા થતાં જ તે કરમાઈ જશે, માટે ભક્તિ કરો. વિચાર કરો – 'જીવન શું છે ? શા માટે છે ?' સારુંય જગત પ્રભુમય દેખાય નહીં ત્યાં સુધી સાચી ભક્તિ મળે નહીં.

ભગવાન કરતાં તેના ભક્તો મહાન છે, કારણ કે માયાની વચ્ચે રહેવા છતાં તે ભગવાનને ભૂલતા નથી. ભગવાન તો માયાથી પર હોઈ ભક્તોને ન ભૂલે એમાં આશ્ચર્ય શું?

ભગવાનના વિયોગની પ્રતીતિ થવા લાગે ત્યારે યોગ સાધ્ય બને છે. ભક્તિયુક્ત બની જોવું, સાંભળવું, વિચારવું અને

આચરવું – આનું નામ સત્ય. ભજન કરશો એટલે તમારો આગળનો માર્ગ એની મેળે સ્પષ્ટ થઈ જશે. પાણીની વરાળ બને છે તેમ જ બરફ પણ બને છે, તે પ્રમાણે ઈશ્વર નિર્ગુણ પણ છે અને ભક્તોના ભાવથી સગુણ પણ બને છે.

સંતકૃપા વિના, સત્સંગ વિના ભક્તિનો રંગ લાગતો નથી. સર્વમાં ભગવદ્ભાવ રાખવો એનું નામ ભક્તિ.

**ધ્યાન**

ધ્યાનના અભ્યાસ વિના આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય નહીં. ધ્યાન તો મોક્ષ મેળવવાનો રાજમાર્ગ છે. શરીરને ભૂલી જાઓ. આસપાસના વાતાવરણને ભૂલી જાઓ.

ભોજનની અસર મન પર પડે છે અને પરિણામે ધ્યાન પર પડે છે. ધ્યાન સિવાયનો સમય પણ સંભાળવાની જરૂર છે. ધ્યાન માટે બધી વસ્તુઓ સાત્ત્વિક હોવી જોઈએ. જેમ કે ધ્યાનનું સ્થળ, આહાર, પોશાક, વાતચીત, વિચાર, અભ્યાસ અને સોબત.

વિવિધ પ્રકારની લાગણીઓ અને આવેગોને શાંત કરવા માટે ધ્યાન સહાયરૂપ થઈ પડે છે. તમારું મન જ્યારે સર્વ પ્રકારની ચિંતાઓથી મુક્ત થશે ત્યારે જ તમે ધ્યાન ધરી શકશો. નિયમિત ધ્યાનથી મન શાંત અને સ્થિર બને છે.

**મૌન**

સમય અને વાણીનો સદુપયોગ કરો. બીજાઓની વ્યર્થ ટીકા અને આલોચના એ અસ્વસ્થ મનની નિશાની છે.

**મૌનનો લાભ :** નિરોધથી ઉદ્વેગ થતો નથી. અસત્ય ભાષણ થતું નથી. કટુ વાક્યો બોલાતાં નથી. વ્યાવહારિક વાતોમાં પડી

જવાતું નથી. મૌનથી મિતભાષી પણ બની જવાય છે. આપણું અજ્ઞાન પણ પ્રગટ થતું નથી. વૃથા વાતો ન થવાથી મનની અશાંતિ થતી નથી. ક્રોધને વ્યક્ત ન કરી શકાવાથી ઘણાં અનિષ્ટોથી બચી જવાય છે.

**મૌનના નિયમો :** ઈશારા કરવા નહીં. કોઈ ન સમજી શકે તો ક્રોધ કરવો નહીં. મનમાં પણ કટુતા લાવવી નહીં. હંમેશ પ્રસન્ન રહેવું. અને ક્ષમાનો સંપૂર્ણ ઉપયોગ કરવો.

## ૩. ચિંતનકણિકા

* તમે તૈયાર હશો તો રસ્તો દેખાડનારો જાતે આવીને તમારાં બારણાં ખટખટાવશે. તમારે એને શોધવા જવો નહીં પડે.
* બે વાતો ભૂલી જ જવી – કોઈએ આપણા પર કરેલો અપકાર અને કોઈના પર આપણે કરેલો ઉપકાર.
* ક્રોધ ચડે ત્યારે મૌન રહેવું. ક્રોધ કરી નાખ્યા પછી જે વિચાર આવે છે તે જો પહેલાં આવે તો ક્રોધ ઊતરી જાય.
* જેની પાસે ધન સિવાય બીજું કશું નથી તેના જેવો કોઈ દરિદ્ર નથી.
* સંસારના વિષયોમાં ભટકતા મનને ભગવાનમાં જોડવું એનું નામ સંધ્યા. હે પ્રભુ, મારી બુદ્ધિને સતત સત્કર્મમાં પ્રેરિત કર – એ સંધ્યા મંત્ર.
* હાથીને સ્નાન કરાવો કે તરત પોતાની ઉપર ધૂળ નાખશે. સત્સંગમાં સ્નાન કર્યા પછી, જોજો, ડિલ પર ધૂળ નાખતા !
* પ્રાણીના નાશનું કારણ બને એવું વચન કદી સત્ય હોઈ શકે

નહીં.

* મન, વાણી, કર્મ કશાથી, કોઈ પણ કાળે, કોઈ પણ પ્રકારે કોઈ જીવને ન સતાવવો એનું નામ અહિંસા. મારવું એ સ્થૂળ હિંસા છે. કઠોર વચન કહેવું એ સૂક્ષ્મ હિંસા છે.
* વ્યાકુળ બની પ્રભુને એકાંતમાં પોકારો, રડો, એ જરૂર સાંભળશે.
* સુંદર સંગથી સુંદર સંસ્કાર, સુંદર સંસ્કારથી સુંદર વિચાર અને સુંદર વિચારથી જીવન સુંદર બને છે.
* સંસાર રેતીનો લાડુ છે, જે ખાશે તે પસ્તાશે, નહીં ખાય તેય પસ્તાશે.
* ગૃહસ્થી શોકની ખાણ છે. ગૃહસ્થ શોકરહિત હોય તો એ ગૃહસ્થ નહીં, વિરક્ત છે.
* ઈશ્વરે સર્જેલા વિશ્વની ટીકા કે ચિંતા છોડો !
* દાન કરેલું ભૂલી જશો તો સંતોષ મળશે, નહીં ભૂલો તો અહંકાર વધશે.
* કાં તો પ્રભુને પોતાના બનાવી લો અથવા તો પ્રભુના બની જાઓ. પ્રભુને પોતાના બનાવવાનું અઘરું છે, એટલે પ્રભુના બની જવું એ જ માર્ગ રહે છે.
* દીન બની પ્રાર્થના કરશો તો હ... કહેતામાં હરિ દોડી આવશે.
* ભજન કરવાવાળો જ્યારે કહે કે, હું ભજન કરું છું ત્યારે એ કદી ભજન કરતો હોતો નથી.
* તીર્થસ્થાનમાં ફૂલ ભેગા દુર્ગુણોને પધરાવવાનું રાખો તો આનંદ આવશે.

* જે દાણો ઘંટીના ખીલડાને ચોંટી રહે છે તે પિસાતો બચી જાય છે, તેમ તમે ઈશ્વરને વળગી રહો તો બચી જશો.
* કર્તાપણાનો અહમ્ જાય કે સંસાર ખતમ !
* સો કામ છોડી ભજન કરવું, ને હજાર કામ છોડી કર્તવ્ય કરવું. ભજન અને કર્તવ્ય બે સાથે બજાવવાનાં આવે તો પહેલું કર્તવ્ય બજાવવું, પછી ભજન.
* ગુરુ શિષ્યને મંત્ર આપે છે ત્યારે શક્તિપાત કરે છે. શક્તિપાત એટલા માટે થાય છે કે ઈશ્વર છે એવી નિષ્ઠા પાકી થાય.
* રામનામ ઠંડી આગ છે. તે દોષોને બાળે છે, ને ગુણોને વધારે છે.
* રામનામ કલ્પતરુ છે – આશરો લઈ તો જુઓ !
* રામ રીઝે તો સર્વસ્વ દે ને ખીજે તો નિજ ધામ દે. કામ પાડી જુઓ !
* ઈશ્વર છે એમ માનનારો માણસ બીજાને છેતરી જ કેમ શકે ? શું ઈશ્વર થઈને એ ઈશ્વરને છેતરશે ?
* પ્રાર્થના ભોજનના જેટલી અનિવાર્ય છે.
* આંખ પોતાને જોઈ શકતી નથી; દર્પણ સામે ન આવે ત્યાં લગી. તેમ શ્રદ્ધાના દર્પણમાં જોશો તો જ આત્મદર્શન થશે.
* જે પોતાને લેવું ન ગમે તે બીજાને ન આપો. જે વ્યવહાર પોતાને બૂરો લાગે તે બીજાની સાથે ન આચરો !
* ઈશ્વરની પાછળ લાગવાથી એ નહીં મળે, પણ પહેલાં આપણે લાયક બનીએ તો એ ચાહીને આપણી પાસે આવશે.

* ગુસ્સો હોય તો ભગવાનને લડી નાખો કે હું નથી ભૂલ્યો, તેં જ મને ભુલાવ્યો છે ! મારો સ્વભાવ તો જીવનો હોય તેવો છે, પણ તારો સ્વભાવ તું દાખવ ને !
* કરોડો રૂપિયા દેવાથી તૃપ્તિ નહીં થાય, પણ ભોજન દો તો પેટ ભરાઈ જશે. માટે અન્નદાન જેવું કોઈ દાન નથી.
* જે બીજાને સુખ ન દે તે માનવ નહીં પણ દાનવ. સુખી થવાનો એકમાત્ર ઉપાય બીજાને સુખ દેવાનો છે.
* બીજાનો દોષ જોતાં પહેલાં તમારી દાઢીમાં જે આગ લાગી છે તે તો હોલવો !
* દેખાદેખી કે કોઈના કહેવાથી ગુરુ કરવા નહીં. પૂર્ણ શ્રદ્ધા વગરની, બોલવા પૂરતી શરણાગતિનું પરિણામ નાસ્તિકતા છે.
* અધિક માસ એટલે પોતાની અંદર રહેલા દૈત્યને હણવાંનો મહિનો. પ્રભુની પાસે (ઉપ) રહેવું (વાસ) એનું નામ ઉપવાસ.
* એક વાર ગુલાબની સુગંધ લીધી હોય તો બીજી વાર સુગંધ પરથી તમે કહી શકશો કે અહીં ગુલાબ છે. તેવી રીતે એક વાર પ્રતીતિ થઈ કે ઈશ્વર આપણી અંદર છે, તો એ પ્રતીતિ માર્ગદર્શક બનશે.
* ઈશ્વરમાં માનો કે ન માનો, સત્કર્મ વગેરે શુભ કર્મ આપણને બેઉ બાજુથી લાભ કરશે. ઈશ્વરમાં નહીં માનવાથી ઈશ્વરનું કંઈ બગડતું નથી. તમારું બગડે છે.
* ભૂતકાળની ચિંતા છોડો, ને ભવિષ્યનો સંકલ્પ છોડો, તો તમારી ઊંઘ નિઃસ્વપ્ન બનશે.

* આત્માનો વિષય વાણીથી સમજમાં નથી આવતો.
* વાદવિવાદ છોડો, વાદવિવાદથી બુદ્ધિમાં અસ્થિરતા પેદા થાય છે.
* મૂઆ પછી ભગવાન મળે એ શા ખપના ? મારે તો અહીં જ ભગવાનને પ્રાપ્ત કરવા છે.
* મન પાણી જેવું છે, એમાં જેવો રંગ નાખશો તેવું એ થશે.
* જેનું માન થાય છે એનું અપમાન પણ થાય છે. જેની કીર્તિ થાય છે તેની અપકીર્તિ પણ થાય છે. બંનેમાં નિઃસ્પૃહી રહી શકે તે સંત.
* જ્યાં સુધી અહમ્ છે ત્યાં સુધી દ્વૈતની ભાવના પણ રહે છે, ને પાપપુણ્યનું ભાન પણ રહે છે.
* માબાપની અવજ્ઞા કરનાર કુપાત્ર સંતાન ગુરુ સમાન છે. એ આપણને માયાનું સ્વરૂપ દેખાડે છે કે કોણ કોનું છે? સુપાત્ર સંતાન સંતોષ આપીને ચેતવે છે કે આટલા સંતોષ પછી પણ પ્રભુનું નામ ન લો તો તમે કુપાત્ર દીકરાને જ લાયક છો !
* સેવામાં સર્વ પ્રથમ જોઈએ નિરભિમાનતા, દીનતા અને ઉદારતા.
* 'હું' કોઈ ચીજ નથી. 'હું' નહીં મટે ત્યાં લગી 'તું' (પરમાત્મા) નહીં મળે. મિથ્યાભિમાન આપણને 'હું હું' કરાવે છે. સાચું જ્ઞાન થાય ત્યારે 'તું તું' થાય છે. ઈશ્વરે દુનિયા કેમ બનાવી એનો જવાબ મનુષ્ય કેમ દઈ શકે ? પરમાત્માના અભિપ્રાયને જાણવાનો દાવો હું નથી કરી શકતો.
* પૈસો એ વ્યવહારમાં સાધન માત્ર છે. પૈસાને જો ચરમ લક્ષ્ય

માનશો તો એનાથી દુઃખનો જ અનુભવ થશે. આવ્યા ત્યારે પૈસો લઈને આવ્યા'તા ? તો પછી જતી વખતે કેમ એની ઈચ્છા કરો છો? એ અનધિકાર ચેષ્ટા નથી ?

* ભગવાનના શરણે જવાના નિમિત્તને સુંદર બનાવો. પરિણામ તો સુંદર છે જ !
* જેણે મૃત્યુને સુંદર માન્યું છે એને માટે જીવનની પળેપળ સુંદર છે.
* ભગવાનને તો ઘણા ભજે છે, પણ ભગવાન જેને ભજે છે તે વિરલ છે.
* જે દેશનું ચારિત્ર્ય ખાડામાં ગયું તેની રાજકીય, સામાજિક, ધાર્મિક સ્થિતિ ડામાડોળ થાય તેમાં કાંઈ નવાઈ નથી.
* માણસ કામિની, કાંચનનો ત્યાગ કરવામાં સફળ થઈ શકે છે. પણ ભગવાનની કૃપા વગર અહમ્‌નો ત્યાગ કરવો દુષ્કર છે.
* અભયથી દૈવી સંપત્તિની પ્રાપ્તિમાં ખૂબ મદદ મળે છે. ધર્મ સ્વતંત્ર વસ્તુ નથી. દસ દૈવી સંપત્તિની પ્રાપ્તિ તે ધર્મ.
* પગ બાંધેલી બકરી નજીકમાં હરીફરી શકે એ ખરું, પણ દોડી શકતી નથી. તેમ મોહમાં બંધાયેલો મનુષ્ય જગતને સમજવા છતાં છોડી શકતો નથી.
* સેવા અને શરણાગતિ એક જ છે. શરણ વિના સેવા થઈ શકતી નથી.
* અસત્‌નો સંગ છૂટે નહીં તો સત્સંગ શાનો ?
* એક જણ ભૂલ કરે એટલે આપણે પણ ભૂલ કરવી એ ક્યાંની નીતિ? આપણને લેવું ન ગમે તે બીજાને દેવા જઈએ ત્યારે એ ભૂલ થાય છે.

* જેની સેવા કરો તેને ભગવાનથી ભિન્ન ન માનો.
* વારંવાર જે વિચાર ઉત્પન્ન થાય એનું નામ સ્મૃતિ. સ્મૃતિઓનો નાશ કરવા માટે મનને આગળ ન વધવા દેવું. સ્મૃતિ જો ઈશ્વરાનુરાગી બની જાય તો અનુભૂતિ થાય.
* સાધુ પોતે પ્રજાની સંપત્તિ છે. પોતાનું ભોજન પણ કોઈ માગે તો દઈ દેવું એ સાધુના સંસ્કાર છે.
* જે દેશમાં યોગીઓની ભરમાર છે તે દેશની આ દશા ? પર કાજે જીવન સમર્પણ કરનારા સાધુઓથી જ દેશનો ઉદ્ધાર થશે.
* પ્રભુએ બુદ્ધિ આપી છે પુરુષાર્થ માટે. એ બુદ્ધિ જ્યારે થાકી જાય ત્યારે તે પરમાત્માને ધરી દો.
* શાસનનો કોઈ ધર્મ હોતો નથી. શાસન સર્વધર્મ પોષક હોય છે.
* ગરીબને ન સતાવો. ગરીબનો માલિક સાંભળી જશે તો તમારી ખેર નહીં રહે.
* નિષ્ઠામાં બળ આણવા માટે સાદું જીવન અપનાવો. ભોજન કરો જીવતા રહેવા માટે, કપડાં પહેરો લજ્જા નિવારવા માટે !
* સેવક જો સુખની ઇચ્છા કરશે તો દર્શનનું પ્રદર્શન થઈ જશે. દર્શન ત્યાગમાં છે. જે કંઈ પ્રાપ્ત થાય છે તે ત્યાગથી થાય છે. કર્તવ્યમાં કામના કેવી ?
* આપણે ત્યાં ધર્મ કેવળ આદત બની ગયો છે. વાતવાતમાં આપણે અનીતિ કરીએ છીએ. જ્યારે યુરોપ-અમેરિકામાં લોકો ભલે વેદાંત ન જાણતા હોય, પણ તેમણે વેદાંતને

વ્યવહારમાં ઉતાર્યો છે.

* જે દિવસે વ્યક્તિમાંથી વિશ્વાસ ઊઠી જશે, તે દિવસે વિશ્વનો વ્યવહાર ઠપ થઈ જશે.
* સ્વજનના વિયોગથી પણ આપણી સ્થિતિ એવી ને એવી રહેવી જોઈએ. સ્વજનનો સંબંધ જન્મ પછી બંધાયો છે, જન્મ પહેલાંનો સંબંધ તે જ ખરો આત્મસંબંધ છે.
* મારી અંતિમ ઈચ્છા છે કે મનુષ્ય ચિંતન કરે અને પોતાની ભીતરનું ધન ભાળે. પોતાની પાસે અપાર છે એવો અનુભવ કરે.
* મૂર્તિપૂજા સૂક્ષ્મમાં પ્રવેશવાની એક વિધિ છે.
* જે દેશમાં કર્તવ્યપરાયણ સ્વયંસેવક, નિષ્ઠાવાન સંચાલક અને ઉદાર દાનવીર – આ ત્રણ દૃઢ સંકલ્પવાળા હોય તે દેશનું ભવિષ્ય ઉજ્જવળ બને.
* શ્રીમંત થવું સહેલું છે, સાધુ થવું કઠિન છે.
* ધ્યાનનું આસન એક જ જગ્યાએ રાખવાથી એમાં શક્તિ પેદા થાય છે.
* ક્રોધીનો અકારણ શાપ જો તમે સહી લેશો તો એ શાપનો આશીર્વાદ બની જશે.
* બીજાના કષ્ટનો વિચાર કર્યા વગર તમે કોઈની સેવા લો તો સમજજો કે તમે તમારા સંચિત પુણ્યનો ક્ષય કરી રહ્યા છો.
* હું મૂર્ખ છું, જડ છું, નીચ છું એવો વિચાર મનમાં ન આવવા દેશો, એનાથી વિકાસ રૂંધાય છે.
* માણસ બહુ બોલતાં શીખ્યો છે, તેથી તેનામાં અશાંતિ અને ભ્રાન્તિ સ્વાભાવિક બની ગયાં છે. વાણી શસ્ત્ર છે અને દવા

પણ છે, એ મારે પણ છે ને ઉગારે પણ છે.

* આદતનો ગુલામ સદા દુ:ખી થાય છે; પણ આદતને ગુલામ બનાવી એ સુખી થઈ શકે છે.
* બીજાના ઈષ્ટની નિંદા ન કરો, પણ એમાં તમારા જ ઈષ્ટને જુઓ.
* મારી જ વિચારણા સાચી છે એવું ન માનશો. મમત્વયુક્ત બુદ્ધિ કોઈ વાર અવળો વિચાર પણ કરે છે. માગો નહીં. માગે છે જીભ અને શરમાય છે આંખો. માણસ સ્થૂળ શરીરથી કંઈક વિશેષ છે એટલે એને કેવળ રોટીથી જ સંતોષ નથી થતો.
* ભગવાન જે કરે છે તે સારું જ કરે છે અને ભગવાનની જ ઈચ્છાથી બધું થાય છે, એવું બોલવાની લોકોને ટેવ પડી ગઈ છે. પણ ભગવાન સિવાય જેને બીજું કંઈ જ પ્રિય નથી તેના જ મોંમાં આવા શબ્દો શોભે છે.
* રોજ સવારે ઊઠીને પ્રાર્થના કરો. પહેલું જગતનું કલ્યાણ માગો પછી દેશનું !
* મનુષ્ય એ જ છે જે બીજાનાં દુ:ખોને સમજી એને સહાય કરે.
* 'હું હું', 'તું તું'માં સમય બરબાદ ન કરો. આ ઘોર અવિવેક છે, જે તમને સત્‌થી દૂર ફેંકી દે છે.
* ચમત્કાર દેખાડનાર સાધુઓની પાછળ ન દોડો અને તેનો સંગ પણ ન કરો.
* પ્રેમ, કર્તવ્ય અને નિષ્ઠાના સમન્વયથી જીવન પરમ પવિત્ર બને છે.
* વિદ્વાન થઈને નમ્ર ન હોય અને ધનિક થઈને દાની ન હોય

તો એને દરિદ્ર સમજો.

* જીવનમાં જેટલી જરૂરિયાતો ઓછી એટલું વધુ સુખ.
* જીવનને સુંદર બનાવવા માટે સહનશીલતા બહુ ઉપયોગી ગુણ છે.
* જીવનમાં નીરસતા ન આવવા દો, નીરસ જીવન ભાર બની જાય છે.
* સ્વાર્થનો ત્યાગ અને બીજામાં આત્મીયતાની પ્રતીતિ થાય તો જ સેવા થઈ શકે.
* જો એકાદ રત્ન ન મળે તો રત્નાકરને રત્નોથી ખાલી સમજવો એ ભૂલ છે.
* નિરાશા અને અત્યંત દુઃખની રામબાણ ઔષધી વિશ્વાસપૂર્વક કરાતું હરિનામ-સ્મરણ છે એમાં કોઈ શંકા નથી.
* ઈષ્ટદેવ ઉપર પૂરી આત્મનિર્ભરતા રહે એ જ સાચી શરણાગતિ.
* માનવમનમાં દયા તો હોય છે પરંતુ સ્વાર્થ એને દબાવી દે છે.
* જીવનનો લાભ ઉચ્ચ વિચારોમાં છે. જન્મનો લાભ કર્તવ્યપાલનમાં છે.
* આદર્શ પુરુષ એ જ છે જે બીજાના ગુણોને પોતાના આચરણમાં લાવે પરંતુ એના દોષોને પ્રગટ ન કરે.
* ગમે તેટલું વ્યાવહારિક કામ હોય તોપણ ઈશ્વરસ્મરણ ન છૂટે એનું ખૂબ ધ્યાન રાખવું જોઈએ.
* ધન પ્રાપ્ત કરીને અહંકાર કરવો સહેલો છે, પરંતુ નિર્ધન

રહીને આત્મગૌરવ રાખવું મુશ્કેલ છે.

* સાધકને ઈશ્વરના અસ્તિત્વમાં એટલો જ દૃઢ વિશ્વાસ હોવો જોઈએ જેટલો એને પોતાના અસ્તિત્વમાં છે ત્યારે જ એ આગળ વધી શકશે.
* જીવન ક્ષણિક છે. કોઈને ખબર નથી કે એણે ક્યારે મરી જવાનું છે. માટે શુભ કાર્ય કરવામાં વિલંબ ન કરો.
* બીજા માટે ખરાબ કદી ન વિચારો. તેનાથી આપણા જ અંતઃકરણમાં મલિનતા આવે છે.
* મન ઉપર વિશ્વાસ ન કરો, સંગદોષ મનની પવિત્રતાને ખાઈ જાય છે.
* તનની સ્વસ્થતાનો પ્રભાવ મન ઉપર અવશ્ય પડે છે માટે તનને સ્વસ્થ રાખવું જરૂરી છે.
* માનવ અને દાનવમાં કેવળ મા-દાનું જ અંતર છે. પરંતુ ક્રિયામાં આકાશ-પાતાળનું અંતર છે.
* સમજ્યા-વિચાર્યા વગર કોઈને દોષી બનાવવો અપરાધ છે.
* નિરાશા એક મહાન રોગ છે. સાહસ, ઉત્સાહ અને લગનમાં એનાથી મંદતા આવે છે અને આત્મબળને ઘટાડે છે.
* રાગ, દ્વેષ અને ઈર્ષામાં બુદ્ધિને લગાવી રાખવાથી બુદ્ધિનો વિકાસ જ નથી રૂંધાતો, પરંતુ બુદ્ધિનો તિરસ્કાર પણ થાય છે.
* તમારું દિલ ભગવાનને આપો અને હાથ સંસારને સોંપી દો.
* બદલો લેવાના પ્રયત્નમાં શાંતિ નથી. એનાથી કેવળ અહમ્ જ પોષાય છે. પરંતુ સ્નેહ કરવાથી અવશ્ય શાંતિ મળે છે.
* મોતિયાને તો ડૉક્ટર સારો કરી દે છે પરંતુ ક્રોધથી આંધળા થયેલાની તો ભગવાન જ રક્ષા કરે.

* જીવનનો જેટલો સમય પરહિતમાં જાય તેટલો સારો છે.
* જ્યાં સુધી 'દાસ' હોય ત્યાં સુધી ભગવાન પાસે હોય છે. પરંતુ જ્યારે સ્વામી બને ત્યારે રામ અંતર્યામી બને.
* પરહિત થયું નહીં, હરિભજન કર્યું નહીં, તો જન્મ લેવો વ્યર્થ નથી ?
* કાલ થશે એ નિશ્ચિત વાત છે પરંતુ આપણે કાલે હોઈશું એ નિશ્ચિત નથી.
* વિનયમાં બહુ શક્તિ છે. વિનયશીલ પોતે શાંત રહે છે અને બીજાને પણ શાંતિ આપે છે.
* વર્ષો નહીં, હજારો જન્મ થાય તોપણ મનની શુદ્ધિ વગર સાક્ષાત્કાર અશક્ય છે.
* કર્તવ્ય ભૂલવું આપણા જીવન સાથે અન્યાય છે.
* કષ્ટ સમયે ધૈર્ય રાખવાથી સહનશક્તિને બળ મળે છે.
* દ્વેષ મનની એ વૃત્તિ છે જે એની પ્રતિકૂળતાનો પ્રત્યાઘાત ઈચ્છે છે.
* ઈશ્વરનિષ્ઠા, સદ્‌ગુરુવચનમાં વિશ્વાસ અને એકાગ્રતા હોય તો આત્મજ્ઞાન થવામાં વિલંબ શું ?
* જો મન અચળ રહી શ્રી ગુરુચરણોનું ચિંતન કરે તો કામનાઓનો નાશ થાય છે અને સાધકને શાંતિ મળે છે.
* તમે ભલે કોઈ પણ મંદિરમાં જાઓ પરંતુ ત્યાં જઈને પોતાના ઈષ્ટદેવને જ નજર સામે રાખજો. તદ્રૂપતા હશે તો ત્યાં પણ તમને તમારા ઈષ્ટદેવ જ દેખાશે.
* પૈસો લઈને કોણ આવ્યું હતું ? આત્મબળ જોઈએ. જેનો સંકલ્પ દઢ હોય તેનો પૈસો ગુલામ હોય છે.

* ધ્યાન સમજપૂર્વક કરો. ધ્યેયમાં મનને સ્થિર કરીને જગતસ્મૃતિને રોકો.
* કસ્તૂરીની સુગંધ છુપાવવાથી નથી છુપાતી. સત્કર્મનું પણ તેવું જ છે.
* સોના-ચાંદી માટે ભાઈ ભાઈનું ગળું કાપવા તૈયાર થઈ જાય છે. સાધુઓ એટલે જ એને અડતા નથી.
* બધા અવગુણોનું મૂળ રાગદ્વેષ છે. નાનામાં નાનો અવગુણ પણ આધ્યાત્મિક શક્તિને ક્ષીણ કરી દે છે.
* નિંદાથી નહીં, નિંદિત કર્મથી ડરજો. જો દુષ્કૃત્ય ન કરવામાં આવે તો નિંદા પોતે જ વિશ્રામ લેશે.
* નામ-સ્મરણ પ્રારબ્ધને પણ પાછું વાળી શકે છે.
* દંભ ન કરો. જેવા હો તેવા જ દેખાવાનો આગ્રહ રાખો.
* જ્યારે પણ મનદુ:ખ થાય, ત્યારે એમાં પહેલાં તમારો જ દોષ જોજો. નિજ દોષદર્શનથી ચિંતન થાય છે. સારા વિચાર આવે છે.
* એકને જ ઈષ્ટ માનો. વારંવાર ઈષ્ટ બદલવાથી શંકા થાય છે. દરેકમાં રામનું જ સ્વરૂપ જુઓ.
* ક્રોધ, વ્યર્થની ઉત્તેજના, વાણીમાં કટુતા અને દ્વેષ એ આપણે અસંયમી હોવાનું પ્રમાણપત્ર છે.
* આપણા કષ્ટનું નિમિત્ત બીજાને માનવું અવિચાર છે.
* જે કષ્ટોથી વિચલિત નથી થતા અને દીનોના જે આશ્રયદાતા છે તે મહાન છે.
* મહા સમર્થ હોવા છતાં પણ જે આત્મશ્લાઘાથી બચે છે, તે મહાન છે.

* ભગવાન દરેકને પ્રેરણા આપે છે. પરંતુ જીવ પોતાના સ્વભાવ અને સંસ્કારના કારણે એને સમજવામાં ભૂલ અને અવહેલના કરે છે.
* ગુરુ લોકોની વૃત્તિઓનું નહીં, ત્રુટિઓનું અવલોકન કરે છે.
* અતિ તૃષ્ણા, ખરાબ સંગ, તિરસ્કાર, અપમાન, પ્રિયજનનો વિયોગ, વિષયોમાં આસક્તિ, આળસ અને સાંસારિક ભોગપદાર્થોમાં આસક્તિ – આ બધાં દુઃખનું કારણ છે.
* ચોરી, હિંસા, વ્યભિચાર, દંભ, પાખંડ, શત્રુતા, દ્વેષ, ક્રોધથી વશ ન થતાં, દૈવી સંપત્તિનો આશ્રય લેવાથી સુખ મળે છે.
* પ્રિયજનોનો સંયોગસંબંધ દીર્ઘકાળ સુધી નથી રહેતો, એવી સ્થિર બુદ્ધિ રાખવાથી સુખ મળે છે.
* મમત્વ ઈશ્વરમાં, શ્રદ્ધા શ્રીગુરુદેવમાં અને પ્રેમ પોતાના સર્વસ્વમાં રાખવો જોઈએ.
* કંજૂસનું ધન અને ભક્તનો પ્રેમ ક્યારેય કોઈ નથી જાણી શકતું.
* અતિ દુઃખ એ પાપનું પરિણામ છે.
* અતિ સ્પષ્ટતા બૂરાઈનું ઘર છે.
* દયા માનવને દેવ બનાવે છે; ક્રૂરતા રાક્ષસ.
* પોતાને ગરીબ સમજનારા હે માનવ ! તમે ગરીબ નહીં, પરંતુ પુરુષાર્થહીન છો. સાચા રૂપમાં પુરુષાર્થ કરો. દરિદ્રતા એક રોગ છે. પુરુષાર્થ એની દવા છે.
* અવસર વગર હસવું અને વ્યંગ કરવો એ કલહને નિમંત્રણ આપવા જેવું છે.

* પ્રાર્થના ઈષ્ટદેવને સંભળાવવા માટે કરવી જોઈએ; નહીં કે મનુષ્યને !
* લગ્ન એક ધાર્મિક અને સામાજિક બંધન છે. એને તોડવાનો ન તો સ્રીને અધિકાર છે; ન તો પુરુષને. લગ્ન પહેલાં બંને સ્વતંત્ર હોય છે. પરંતુ ત્યાર બાદ બંનેની માનવતા જવાબદાર હોય છે.
* દૂધમાં માખણ છે એમ કહેવા માત્રથી માખણ નથી મળતું. માખણ તો દહીંને ધીરજપૂર્વક મથવાથી પ્રાપ્ત થાય છે.
* ખાવા યોગ્ય ચીજોની રક્ષા જેમ ઉપરની છાલ કરે છે તેમ શુભ કાર્યો આપણા ધર્મની રક્ષા કરે છે.
* કૌટુંબિક જીવન સુખદુઃખ માટેનું આવાહન છે.
* પ્રભુ પરનો વિશ્વાસ અનિષ્ટોથી બચાવીને આપણને ધૈર્ય પ્રદાન કરે છે.
* મનુષ્યનું સાચું રૂપ મૃત્યુ સમયે, કષ્ટ સમયે અને એકાંત સમયે જોવા મળે છે.
* છુપાઈને બીજાઓની વાત સાંભળવાની જેઓને આદત છે તેઓ ક્યારેય પોતાના મનને શુદ્ધ નહીં કરી શકે.
* વૃદ્ધાવસ્થા સુંદરતાનો નાશ કરે છે. નિરાશા ધીરજનો નાશ કરે છે. મૃત્યુ પ્રાણોનો નાશ કરે છે. નિંદા ધર્મનો નાશ કરે છે. ક્રોધ લક્ષ્મી અને બળનો નાશ કરે છે. કુસંગ સદ્‌બુદ્ધિનો નાશ કરે છે. કામવાસના શરમનો નાશ કરે છે અને અહંકાર સર્વનાશ કરે છે.
* અગ્નિ જે રીતે જાણતાં કે અજાણતાં લાકડાને સળગાવી દે છે તે રીતે ભગવન્નામ પણ મહાપાપોને નષ્ટ કરી દે છે.

* ઇચ્છાઓ પર વિચારોનું શાસન ચલાવશો તો ન દુઃખ છે, ન સુખ.
* જો ઈશ્વર તમને જાણતા હોય તો પછી જગતમાં તમને બીજું કોઈ ન જાણે તો શું નુકસાન છે?
* કાળ, કર્મ, ગુણ અને સ્વભાવ ત્યાં સુધી તેમનું કામ અબાધિતપણે કરે છે જ્યાં સુધી મનુષ્ય દઢસંકલ્પી નથી થતો.
* યુવાવસ્થા અને લક્ષ્મી મૃગજળ જેવાં છે. માટે એની પાછળ ન પડતાં આત્મકલ્યાણનો પ્રયત્ન કરો.
* ભજન અને માનવતા અન્યોન્યાશ્રિત છે. એકના વધવાથી બીજું આપોઆપ આવી જાય છે.
* માન અને બડાઈ માટે થઈને કદી પોતાની શક્તિ કરતાં વધુ ખર્ચ કરવો નહીં.
* જેને માનવતાનો વિચાર નથી તે પશુ નહીં, પથ્થર છે.
* જે કાર્ય સાથે તમે સંબંધિત ન હો એ કાર્યમાં દખલ ન કરો.
* જે બીજાનાં બાળકોને આપે છે, તેનાં બાળકોને ભગવાન આપે છે.
* અતિ સંગ્રહ અને અતિ આગ્રહ વૃત્તિમાં અંતર લાવવા માટે સમર્થ છે.
* સમય, સદ્‌ગુરુ અને સજ્જન સદૈવ નથી મળતા.
* જો એ સત્ય હોય કે તાંત્રિક મંત્રોથી ભૂત-પિશાચ ભાગી જાય છે તો પછી ભગવાનના મંત્રજાપથી શું ન થઈ શકે?
* સંયુક્ત પરિવારમાં સુખશાંતિ કાયમ રાખવા માટે સહનશીલતા અને ઉદારતા અમોઘ શસ્ત્ર છે.
* નાની નાની વાતોમાં આપણે અહમ્‌ને કારણે ખોટું બોલીએ

છીએ. એનાથી વાણીનું તપ નષ્ટ થઈ જાય છે.

* માતા, પિતા અને ગુરુ સદૈવ શુભ ભાવનાવાળાં હોય છે. એમનાં હૃદય પ્રકૃતિએ ઉદાર બનાવ્યાં છે. તેમને અશુભ વિચારો ક્યારેય નથી આવતા.
* મનુષ્યશરીર પ્રાપ્ત કરીને કેવળ ધન જ ભેગું નથી કરવાનું. અનંતકાળનાં સાથી – જન્મ પહેલાંનાં અને જન્માન્તરનાં – શુભાશુભ કાર્યોના ફળદાતા શ્રીહરિનો સાક્ષાત્કાર કરવો એ જ એનું ચરમ લક્ષ્ય હોવું જોઈએ.
* વધારે હળવુંમળવું, લાંબા સમય સુધી વ્યર્થ વાતો કરવી, વ્યર્થ ફરવું, વાદવિવાદ કરવો વગેરે વૈરાગ્યને નિર્બળ બનાવી, વાસનાઓને બળવત્તર બનાવે છે.
* તર્ક એ બુદ્ધિનો વિષય છે. અને તર્કમાં સત્યને અસત્ય અને અસત્યને સત્ય બનાવવાની તાકાત છે.
* કુસંગ મનુષ્યનો જ નથી થતો. દષ્ટિ, દશ્ય, સાહિત્ય, ચિત્ર, કુવિચાર વગેરે પણ કુસંગ છે.
* જેનામાં લજ્જા, સંકોચ અને નમ્રતાનો અભાવ છે તે મનુષ્ય કહેવડાવવાને લાયક છે?
* સમુદ્ર મોજાં વગરનો ન હોઈ શકે. આપણે સ્નાન કરવું હોય તો લહેરો હોય એની પરવા કર્યા વિના કરી લેવું જોઈએ. એમ કલુષિત વાતાવરણની પરવા ન કરીને ભગવદ્-ભજન શરૂ કરી દેવું જોઈએ.
* જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને વ્યાધિ અનિવાર્ય છે. માટે એનું સ્મરણ કરીને વૈરાગ્યને દઢ બનાવો.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

**ISBN 81-7229-237-6 (set)**